
# સ્વાતિબિંદુ




(રચનાકાળ – ૧૯૬૦)

## - શ્રી યોગેશ્વરજી

## NOTICE

**સર્વ હક્ક લેખકને સ્વાધીન**

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


* * *




e-book

Title : Swati Bindu
Language : Gujarati
Version : 1.0
Pages : 121
Created : March 01st 2017.


## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version (ISBN 978 81 909905 92). However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

* * *

## શ્રી યોગેશ્વરજી – સંક્ષિપ્ત પરિચય



'શ્રી યોગેશ્વરનું જીવન એક સામાન્ય સાધકમાંથી સિદ્ધ યોગીમાં રૂપાંતર પામવાની આધ્યાત્મિક મંગલ કથા છે'

**- મા સર્વેશ્વરી**

*

શ્રી યોગેશ્વર પ્રગટ્યા સરોડામાં, ભણ્યા મુંબઈમાં, તપ્યા હિમાલયમાં, પ્રવચનો આપ્યાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, આફ્રિકા, કેનેડા, ઈંગ્લેન્ડ એમ દેશવિદેશમાં, થોકબંધ (૧૨૦ પ્રગટ અને ૭૧ અપ્રગટ) પુસ્તકો-પ્રવચનો-શિબિરો દ્વારા અધ્યાત્મ જાગૃતિનું એક અભિનવ વાયુમંડળ સર્જ્યું અને સૌથી વિશેષ તો મા સર્વેશ્વરી સાથેના આધ્યાત્મિક સાયુજ્ય દ્વારા એક અત્યંત પુનિત નારીસંતની જગતને ઓળખાણ કરાવી. જેઓશ્રી આજે પોતાના સદ્‌ગુરુનો આત્મઉજાસ પ્રસારવાનું એકમેવ લક્ષ્ય ધારી, લોકકલ્યાણની ધૂણી ધખાવી, અનન્ય સાધનાથી સાંપ્રતમાં આપણને ધન્ય કરી, અનસ્ત યોગેશ્વરજ્યોતની આભા ધરી રહ્યાં છે.

સ્વામીશ્રી બ્રહ્મસ્વરૂપાનંદજી સાચું જ કહે છે :

'શ્રી યોગેશ્વરનું જીવન જ ભારતીય સાધના, તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિના અલૌકિક અનુવાદરૂપ છે.'

હિમાલયના તપસ્વી, અનન્ય માતૃભક્ત, અપૂર્વ જાગૃતિ, સંપૂર્ણ નિભ્રાંતિથી જીવનની પળેપળ જીવી સાધનામાર્ગમાં આવતા કોઈપણ અંતરાયને અવગણી 'જગદંબા પ્રાપ્તિ'ના એક માત્ર ધ્યેય તરફ દૃષ્ટિ સ્થિર રાખનાર પરમ વંદનીય શ્રી યોગેશ્વર અધ્યાત્મ જગતની એક અતિ વિરલ વિભૂતિ છે.

**- તરલા દેસાઈ**

* * *

## કૃતિ પરિચય

નાના નાના ૧૧૧ લેખોને સમાવતી 'સ્વાતિબિંદુ' ગદ્યકૃતિ શ્રી યોગેશ્વરની તાત્ત્વિક વિચારણાનું એક ઉન્નત શૃંગ છે.

'સ્વાતિબિંદુ' શીર્ષક માર્મિક અને સૂચક છે. કહેવાય છે : સ્વાતિનક્ષત્રમાં વરસતા વરસાદનું બિંદુ માછલી ઝીલે તો તે મોતી બને છે, તેમ જે પ્રભુના પ્રેમનું અમીબિંદુ ઝીલી શકે છે, તેનું જીવન મહામૂલા મોતીસમું થઈ જાય છે. તો પ્રેમ, પ્રકૃતિ અને પરમતત્વને આલેખ્ય બનાવતી રચનાઓ નિમિત્તે શ્રી યોગેશ્વરે પોતાના અંતર-આકાશની વાદળીઓમાંથી વરસતાં ભાવ-વિચારનાં બિન્દુઓને શબ્દમૌક્તિકોથી ઝગમગ કરી મૂક્યાં છે.

'શ્રેયસ્કર સ્વાતિબિંદુ' રચનામાં રચયિતા પ્રભુને સંબોધી કહે છે : 'તમારી સ્નેહસુધાએ મારા જીવનને સ્વાતિનક્ષત્ર કર્યું છે.' અને પછી ભાવકોને સંબોધી કહે છે : 'આ વરસતી વાદલડી ઝીલી લઈ (તમે પણ) જીવનનું કલ્યાણ કરનારું મોતી મેળવી લો.'

'સ્વાતિબિંદુ'ના સર્વ ગદ્યખંડોમાં સર્જકની અખંડ પ્રભુપ્રીતિ ઝળહળે છે. સમગ્ર સૃષ્ટિને સ્નેહસંવાદથી ભરી દેવા કવિશ્રી મહાકવિ-પ્રભુને પ્રાર્થે છે અને પોતે પણ પુષ્પની કોમળતા, સરિતાની શાંતિ-સરળતા, પંખીની સ્વતંત્રતા, માનાં સ્નેહ-સમર્પણ, તેમજ તારાઓના પ્રકાશથી પોતાના જીવનને ભરી દેવા ચાહે છે. પ્રત્યેક પરમાણુમાં પ્રભુમંદિર નિહાળી, પ્રભુના શ્વાસે શ્વાસ લઈ, રોમેરોમમાં તેનું રાજ અનુભવી, જ્ઞાનમોહ, તીખા તપને ત્યજી પ્રભુને જ ચાહવાનું-ગાવાનું સ્વીકારી જીવન સાર્થક કરવા માગે છે. દેહધારણ પ્રભુ પ્રસન્નતા-પૂજા અર્થે જ છે એવું માને છે.

પ્રભુની વિરાટ વિશ્વકવિતાની ખૂટતી કડીરૂપે પોતાનો ઉપયોગ કરવા વીનવી, 'તારા સમસ્ત સર્જનનું સુગંધીદાર સુમન બની લઉં.' એવી અભીપ્સા પ્રગટ કરે છે.

પ્રકૃતિના તાર પર છેડાતું કાવ્યમય ચિંતન અત્યંત આકર્ષક છે. 'તારા'ના પ્રતીકનો વિવિધ સંદર્ભોમાં થયેલો વિનિયોગ અર્થસમૃદ્ધ છે :

- મહાપુરૂષો અવકાશમાં રહ્યે રહ્યે પૃથ્વીની પરિસ્થિતિ નિહાળે છે.
- ઈશ્વરની અનંત આંખો અવનીનું અવલોકન કરે છે.
- દિવસ રાતરૂપે સૂરજના વિરહે અનંત આંસુ સારે છે.
- સ્વર્ગની અપ્સરાઓ ફૂલોના દીવા પ્રકટાવે છે.

એક લીમડાનું ઘટાદાર ઝાડ મુસાફરોની વિશ્રાંતિ, પરબ, પંખીના માળા, માર્ગની શોભા એમ કેટકેટલી રીતે કલ્યાણમય છે !

ઝરણ પોતાની સહજ અનુકંપાથી પંખીઓની ચાંચોના આઘાત કેટલા સ્નેહથી સહે છે !

એક કવિદંપતી નિષ્પર્ણ વૃક્ષનો આધાર લઈ, એનો મહિમા કરી, અસુંદર તત્ત્વ માટે કેવી અનુકંપા ધારે છે !

સર્જકનો માનવતાપ્રેમી આત્મા પણ એક ગદ્યખંડમાં કહે છે : 'તારી અંદર દેવ બેઠો છે તેને તો જરીક જો. દૂરના દેવની પૂજામાં પાસેના દેવની વિસ્મૃતિ ન થવા દઈએ.'

'વિશ્વપ્રેમ' આલેખતું સર્જકચિત્ત કહે છે :

'કૃપા કરીને એવું કરો કે હવે યુદ્ધ ના થાય.

એકે બાળક માતાપિતા વિનાનું

સ્ત્રી પતિ વિનાની ના થાય.

ધરતીના કોમળ કાળજા પર બૉમ્બધડાકા ના થાય.'

શાંતિ, સંપ, સહકાર, સેવાભાવ, સ્વતંત્રતાની રક્ષા થાય.

માનવમનને મધુમય કરો.

એક 'ચિંતનમૌક્તિક'માં ચેતોવિસ્તાર સાધતાં કવિશ્રી કહે છે :'પ્રકૃતિ મારી માતા, પરમાત્મા મારા પિતા, જગત મારી જન્મભૂમિ, જીવમાત્ર સાથે લોહીનો સંબંધ, સંસારમાં સર્વ સાથે સ્નેહની સગાઈ. મારો અંતરાત્મા પ્રભુની આરાધનામાં ઓતપ્રોત.'

'પ્રભુ ! તારો જ સંકલ્પ, તારી જ શક્તિ સર્વોપરી થાઓ.'

'તમારા પ્રેમના પ્રતાપે' લેખમાં શ્રી યોગેશ્વર કહે છે :

'સૂરજ-કમળ, ચંદ્ર-રાતરાણીની જેમ કુદરતમાં અનુરાગની અખંડ આરાધના છે. તો હું માનવ પણ તમારા પ્રેમના પ્રતાપથી જ જીવું, કિલ્લોલ કરું, સુવાસિત બનું.' જો કે, આટલા કાવ્યાત્મક નિરૂપણ પછી એની ઉપર ઉપસતી ગદ્યાળુતા, અભિવ્યક્તિની મુખરતા આપણને કઠે છે; જ્યારે રચયિતા 'તમારા પ્રેમનો પ્રતાપ મારા જીવનમાં કાયમ રહે એમ ઈચ્છું છું.' એવી માગણીને સીધી આગળ કરી દે છે.

'હે મહાકવિ ! તારી વિશ્વકવિતાની બરાબરી કરોડો કવિતા નથી કરી શકતી.' એવા પ્રભુના મહિમ્નસ્તોત્ર પછી 'તારી કવિતામાં નથી તે મારી કવિતામાં મળી રહે છે. એ જ મારી વિશેષતા, સિદ્ધિ, સાર્થકતા.' એવી આત્મરતિ. પછી 'વાંસળી તમારી, વાંસવન તમારાં, વગાડનાર તમે, વાદન પણ તમારું' એવી વિનમ્રતા, 'તમને અનુરાગની અંજલિ આપ્યા વિના રહી શકતો નથી,' એવો સહજ ઉદ્ગાર અને 'ગીત મારું દિલ છે પણ પૂરું દિલ નથી. રોમેરોમમાં તારું જ રાજ' એવી કબૂલાત અને 'અંતરના અનુરાગનો અક્ષરદેહમાં આવિર્ભાવ કરી, તમારા ચરણે ધર્યા કરું એ જ અભીપ્સા !' એમ પ્રાર્થનાર શ્રી યોગેશ્વરની પ્રબળ પ્રભુપ્રીતિનો ટંકાર 'સ્વાતિબિંદુ'ને 'ભવ્યોજ્જવલ મૌક્તિક' નું રૂપ અર્પે છે, એ નિઃશંક છે.

કવિવર રવીન્દ્રનાથ ટાગોર અને મહાન તત્ત્વજ્ઞ ખલિલ જિબ્રાનના કાવ્યમય સર્જનાત્મક ગદ્યખંડોની સ્મૃતિ કરાવતી શ્રી યોગેશ્વરની અંતર્મુખી કવિચેતનાનો સાક્ષાત્કાર કરાવતી 'સ્વાતિબિંદુ' ગદ્યરચના ગુજરાતી ચિંતનાત્મક કૃતિઓમાં, તત્ત્વશ્રેણીમાં પોતાની આગવી મુદ્રા ઉપસાવે છે.

લાગણી-વિચાર-ચિંતનનાં ૧૧૧ વલયો સર્જી, સંવેદનનાં નાનાં-નાનાં સરોવરો છલકાવી; પોતાની સર્જનાત્મકતાનો શબ્દઅર્ઘ્ય પ્રભુચરણે પ્રેમથી ધરી સ્વયં ધન્ય બની, આપણને ધન્ય કરનાર શ્રી યોગેશ્વરને કોટિ કોટિ પ્રણામ.

* * *

## અનુક્રમણિકા


૧. મહાકવિને
૨. તોપણ ઘણું છે
૩. દીપકનો પ્રકાશ
૪. કારણ જ ક્યાં છે!
૫. જીવનનો સ્વભાવ
૬. સંગીતનું શ્રવણ
૭. કોઈ ગમે તે કહે
૮. સર્વસ્વનો હેતુ
૯. ચંદનની ચિતા
૧૦. અવસરનો અમલ
૧૧. મંગલ મુસાફરી
૧૨. સ્વર્ગીય સિંહાસન પરથી
૧૩. સમર્પણ
૧૪. કવિતાનું રહસ્ય
૧૫. નીડરતા
૧૬. મારી ભૂમિકા
૧૭. મહાપુરૂષને
૧૮. અનુરાગની અભિવ્યક્તિ
૧૯. દર્શનની સહજતા
૨૦. કવિ ને કવિતા
૨૧. ફરી ખાતરી થઈ
૨૨. તમારો મેળાપ
૨૩. તમારી સાથેની એકતા
૨૪. કલ્પના તો કરી જુઓ
૨૫. તમારી ને મારી પ્રીત
૨૬. રસિકતાનું રહસ્ય
૨૭. વ્યોમની વાદળી
૨૮. તમારે માટેનાં ગીતો
૨૯. તમારો ને મારો મેળાપ
૩૦. મારું સદ્ભાગ્ય
૩૧. મારી આકાંક્ષા
૩૨. બીજું કોઈ જ નથી





૩૩. અમુલખ અવસર
૩૪. અર્પણ
૩૫. આશ્વાસન
૩૬. યોગની સિદ્ધિ
૩૭. જુવાની ને ઘડપણ
૩૮. કવિનું કામ
૩૯. સત્ય ને અસત્ય
૪૦. તમારી હાજરી
૪૧. રચનાની સફળતા
૪૨. ગાયા વિના ના રહેવાયું
૪૩. સમાધાન
૪૪. અમર આકર્ષણ
૪૫. કવિતાની કથા
૪૬. વલ્લરી ને વૃક્ષ
૪૭. તમે મને કેટલું બધું આપ્યું છે
૪૮. જીવનમંદિરની પ્રતિમા
૪૯. શ્રેયસ્કર સ્વાતિબિંદુ
૫૦. પ્રેમની પ્રતીતિ
૫૧. પી લે
૫૨. ટમકતા તારા
૫૩. પ્રસ્વેદ ને પ્રેરણા
૫૪. કવિતાદેવીનો સ્વયંવર
૫૫. જીવનને પ્રેમ કરું છું.
૫૬. દેહધારણનું પ્રયોજન
૫૭. પૂજારી ને પ્રભુ
૫૮. ધરતી માતા છે
૫૯. ફૂલની ઈચ્છા
૬૦. અમર રહો
૬૧. કહી બતાવશો ?
૬૨. કૃપા કરીને એવું કરો
૬૩. સહવાસનું સુખ
૬૪. જીવન હો તો

૬૫. કોઈ છે ખરું
૬૬. સહજ હો
૬૭. કવિહૃદયની કવિતા
૬૮. પીયૂષનો પ્યાલો
૬૯. સંતોષ
૭૦. લહાવો
૭૧. અપાર આનંદ
૭૨. પુનર્જન્મની નિશ્ચિતતા
૭૩. કવિનું આસન
૭૪. કસોટીની પળો
૭૫. કુદરતની કથા
૭૬. અજબ માનવ
૭૭. આરાધકને
૭૮. તફાવત
૭૯. કવિતાની વિશેષતા
૮૦. ખબર નથી
૮૧. લાચાર છું
૮૨. સ્નેહ ને સેવા
૮૩. શિશુ ને સંત
૮૪. મંદિરના ઘંટ
૮૫. સાધના ને સેવા
૮૬. નવી વાત
૮૭. યશનો અધિકાર
૮૮. કવિતાની આરાધના
૮૯. અશક્તિનો એકરાર
૯૦. મારી પ્રાર્થના
૯૧. પરબ જેવું જીવન
૯૨. અનાદિ આરાધના
૯૩. ઉકળાટ ને તાપ
૯૪. અનહદ નાદ
૯૫. પ્રકાશે ભરી દો
૯૬. તેની તને ખબર છે ?
૯૭. વિજ્ઞપ્તિ
૯૮. પૂજારીને
૯૯. પ્રેમની નવી દૃષ્ટિ
૧૦૦. ભલે ઉપયોગ કરી લે
૧૦૧. ખરતા તારાને જોઈને
૧૦૨. બે વાતો
૧૦૩. આશીર્વાદરૂપ થઉં
૧૦૪. કદીપણ ના વિસરે
૧૦૫. કૃતાર્થતાનો અનુભવ
૧૦૬. કોનું રાજ ચાલી રહ્યું છે
૧૦૭. સહજ પ્રાર્થના
૧૦૮. બાળકની બુદ્ધિ
૧૦૯. ઈશ્વરનું દર્શન થયું
૧૧૦. પ્રેમનો પ્રતાપ




* * *

## ૧. મહાકવિને

શારદીય સવારની સુવાસિત શીતળ સમીરલહરી મારા એકાંત આશ્રમની આજુબાજુ – અંદર ને બહાર ફરી વળે છે તેમ, તારી સુધામય સિતારનું સનાતન સ્વર્ગીય સ્નેહસંગીત મારા અણુએ અણુમાં ભલે ફરી વળે ને તન, મન, અંતરને તારા અનુરાગે અલંકૃત કરે.

તેજસ્વી છતાં શાંત તારક થઈને અનંતકાળ લગી એ ભલે ટમક્યા કરે; ફૂલમાં ફોરમ, નદીમાં નીર, જડમાં જીવન થઈને ભલે ફરી વળે !

તારું સનાતન સુધામય સ્વર્ગીય સ્નેહસંગીત મને તો પોતાના મહિમાથી ભરે જ, પણ આખી અવનીને – અવનીના અણુએ અણુને પણ ભલે આહ્લાદિત કરે; મહીને મધુતાથી મંડિત કરે; સૂકી ને સૂની સિતારનું સર્વસ્વ બને; ઓ મારા મહાકવિ, મારા સનાતન સંગીતકાર ! સૃષ્ટિને સંવાદે ભરે, પ્રાણ ધરે.

* * *

## ૨. તોપણ ઘણું છે

અંધકારના આસુરી આવરણ પણ આખરે તો ફાવ્યાં નહિ : એમના અંતરના અંતરતમને અજવાળતા ચોમરે પ્રકાશ પાથરતા તારા ને ચંદ્ર સુભગ સ્મિત કરતા આકાશમાં ચમકી ઊઠ્યા.

કંટકની પરવા કર્યા વિના ગુલાબની પાંખડી શાંતિનો પરમ સ્વાદ લેતી સમાધિમાં મળી ગઈ : ને નિબિડ અંધકારમાં પણ આગિયા પ્રવાસી બનીને આમતેમ ફરવા માંડ્યા.

વિપત્તિ, વેદના, વિઘ્નોની વચ્ચેથી શાંત મન એ રીતે સ્મિત કરે, આગળ વધે, પોતાનો પ્રકાશ ખોઈ ના બેસે, તોપણ ઘણું છે !

* * *

## ૩. દીપકનો પ્રકાશ

અંધારા ઓરડામાં દીપકનો પ્રકાશ થયો ને મારું હૈયું હાલી ઊઠ્યું. મને કૈંનું કૈં થઈ ગયું. મારી સમીપના નાનાશા સદનમાં દીપકનો પ્રકાશ થયો.

કેટકેટલા દિવસથી ત્યાં અંધારું હતું ! ધોળે દિવસે પણ તેમાં તો રાતની રાણીએ જ રાજ કર્યું હતું. આજે એના અધિકારીનું આગમન થયું અને ઓરડો આખોયે ઓપી ઊઠ્યો. નાનાશા અંધકારના આવાસસમા ઓરડામાં દીપકનો પ્રકાશ થયો.

મારા દિલનો દીપક પણ તમારી પ્રામાણિક પ્રતીક્ષા કરે છે પ્યારા પ્રભુ ! એને તમારો દૈવી દૃષ્ટિપાત ધરો, તમારા પરમ પાવન પ્રકાશે ભરો. આજુબાજુના અનંત આવરણને એ અજવાળે, નવજીવન દે. એ વિના મારા નાનાશા દીપકનો ને જીવનનો બીજો શો સાર છે મારા પ્રભુ !

મારાથી ગાયા વિના ના રહેવાયું.

અંધારા ઓરડામાં દીપકનો પ્રકાશ થયો ને મારું હૈયું હાલી ઊઠ્યું. મારાથી ગાયા વિના ના રહેવાયું.

* * *

### ૪. કારણ જ ક્યાં છે !

વસંતની વહેલી સવારે પર્વત પરથી પસાર થતા વાદળને મેં કહ્યું, જરા ઊભું તો રહે !

એણે કહ્યું, મને વખત જ ક્યાં છે ? જે કહેવું હોય તે સાંભળવા તૈયાર છું, કહી દે. બાકી ઊભા રહેવાનો મને વખત જ ક્યાં છે !

કિલકિલાટ કરતા, કિશોર જેવા કલરવ કરતાં વહી જતાં ઝરણને કહ્યું, બે ઘડી જરા ઊભું તો રહે.

એણે કહ્યું કે મને વખત જ ક્યાં છે ! મહીની મંગલમયી મહાયાત્રામાંથી મને કામચલાઉ કાળને માટે પણ અળગું કરીને ઊભા રહેવાનો વખત જ ક્યાં છે !

કમળવનમાં ક્રીડા કરતા ભ્રમરે, પંખીએ ને સિંધુએ પણ એજ પ્રત્યુત્તર પૂરો પાડ્યો.

તેજસ્વી તારામંડળે તાલબદ્ધ સ્વરે એમાં પૂર્તિ કરતાં કહેવા માંડ્યું, હે મહામંડળના મહાકવિ, તું જ વિચાર કર કે અમારી પાસે વિરામનો વખત જ ક્યાં છે ?

જીવનમાં જેને કૈંક જીવવા જેવું મળી ગયું છે તેને ઊભા રહેવાનું, રાહ જોવાનું કારણ જ ક્યાં છે !

* * *

## ૫. જીવનનો સ્વભાવ

પરિમલથી પ્રાણવાન બનેલું પ્રત્યેક પુષ્પ પોકારી પોકારીને કહે છે કોમળતા જ કુદરતનો ક્રમ છે, નહિ કે ક્રૂરતા : સેવા જીવનનો સ્વભાવ છે, નહિ કે સ્વાર્થપરતા. પરિમલવાળું પ્રત્યેક પુષ્પ એ કથા કહી બતાવે છે.

સાગરમાં સમાવા સારુ સ્નેહની સામગ્રી સાથે સરી જનારી પ્રત્યેક સરિતા કહે છે કે શાંતિ, સરળતા, સંવાદ જ કુદરતનો ક્રમ છે, નહિ કે વિસંવાદ, વિરોધ, વિધ્વંસ : ધ્યેયપરતા જ જીવનનો સ્વભાવ છે.

પર્વતની પંક્તિ પાસેના પ્રદેશ પરથી પસાર થતાં ઝરણ જીવનના સનાતન સંગીત ને શાંતિનો એજ સંદેશ કહી બતાવે છે.

પ્રત્યેક પંખી ને પવનની લહરી પણ પોતાનું સનાતન સંગીત સંભળાવતા કહી બતાવે છે કે સ્વતંત્રતા જ કુદરતનો ક્રમ છે, જીવનનો સ્વભાવ છે, નહિ કે પરતંત્રતા.

સ્નેહ ને સૌન્દર્યના સમુચ્ચયસમું શિશુ ને તેની માવજત કરનારી માધુર્યના મધપૂડા જેવી માતા પણ એજ ગીત ગાઈ સંભળાવે છે કે સ્નેહ ને સમર્પણ જ સંસારનો સાર છે, નહિ કે સ્વાર્થ ને વેર. પર્વતીય પ્રદેશની પ્રત્યેક પગદંડી ને તેના પરથી પસાર થતો પ્રત્યેક પ્રવાસી એ કથાને કહી બતાવે છે.

અંધકારના અનંત આવરણમાંથી આનંદી તથા ટમકી ઊઠતું તારામંડળ, ને પ્રેરણા, પ્રકાશ, પ્રસન્નતાથી પુલકિત થયેલું પ્રત્યેક પ્રભાત, પોતાના પ્રેમાળ છતાં અખંડ અભંગમાં પોકારી પોકારીને કહી બતાવે છે કે પ્રકાશ જ જીવનનો સ્વાભાવિક ક્રમ છે, નહિ કે અંધાર; જીવન જ સ્વાભાવિક છે, નહિ કે મૃત્યુ.

* * *

## ૬. સંગીતનું શ્રવણ

સંગીતના સમારોહમાં મને પણ આજે આમંત્રણ હતું. વાજીંત્રો વિવિધ હતાં છતાં છેક સંવાદી થઈને વાગ્યા કરતાં, તે વાતાવરણને સ્વર્ગીય બનાવતાં.

સંગીતના સ્વર્ગીય શ્રવણથી મારો પ્રાણ પ્રસન્નતાનો અનુભવ કરવા માંડ્યો; મારા અંતરમાં આધારનો આવિર્ભાવ થયો : મન અને અંતરને એક કરી તથા સંવાદે ભરી, મનુકુળના હે પ્રતિનિધિ, આવો, આપણે એક થઈએ, સૃષ્ટિને સુંદર કરીએ. ભક્ષણ નહિ પણ રક્ષણ ને વેર નહિ પણ પ્રેમ; શોષણ નહિ પણ પોષણ ને બંધન નહિ પણ મુક્તિ; એજ સનાતન છે. એજ આખરે વિજયી થશે.

સંગીતને સાંભળીને મારો વિશ્વાસ વધી ગયો.

* * *

## ૭. કોઈ ગમે તે કહે

કોઈ મને ઋષિ કહે છે તો કોઈ મુનિ; કોઈ મહામાનવ તો કોઈ મહાત્મા.

કોઈ વળી ફિલસૂફ તો કોઈ કવિ કહીને પણ વખાણે છે.

જેને જે કહેવું હોય તે ભલે કહે : મને તો એક જ વાતનો સંતોષ છે કે જે કામ મને સોંપાયું છે તે હું પૂરા પ્રેમથી કરી રહ્યો છું. ગીત ગાવાનું, પ્રેમ પ્રસારવાનું, પ્રકાશ પાથરવાનું, રસના રેલા રેલવાનું કામ આજ લગી કર્યું છે તેમ, પ્રામાણિકપણે ને મૂક મને કર્યા કરીશ. કોઈ મને ભલે ગમે તે કહે, મારા હૃદયની સુવાસિત સુમનમાળાને સજીસજીને તમારે ચરણે ધર્યા કરીશ.

* * *

## ૮. સર્વસ્વનો હેતુ

તમારા સ્નેહનું સુધામય સંગીત સંભળાવતાં સૃષ્ટિમાં કોણ જાણે કેટલા કાળથી ફરી રહ્યો છું ! હાથમાં વીણા, અંતરમાં તમારે માટેની મધુમય માળા, ને તનમાં નેહનો નશો. અનંતકાળથી અવનીમાં ફરી રહ્યો છું.

પર્વતો તમારી પૂજા કરે છે, સાગર ને સરિતા તમારું ધ્યાન. પુષ્પો ને પંખી તમારા ગુણાનુવાદ ગાય છે. તારામંડળ તમારી અક્ષય આરતિ ઉતારે છે. ઉષા ને સંધ્યા તમારી અનુરાગભરી આરાધનામાં મગન છે. સારી સૃષ્ટિ તમારા સ્નેહનું સનાતન સંગીત ગાયા કરે છે.

સંગીતના મહોત્સવમાં મેં પણ વરસોથી ભાગ લીધો છે. મારા સ્વરને છૂટા મૂક્યા છે. એજ આશાથી પ્રેરાઈને કે માનવમનની રહીસહી મલિનતા કે કાળની થોડીઘણી કાલિમા દૂર થાય, જગતની જડતા જલી જાય : અશાંતિમાં શાંતિ, શોકમાં આનંદ, મૃત્યુમાં જીવનનું વર્ષણ થાય. તમારી સાથે મારી એ સારુ સાધારણ પણ સેવા થાય.

એજ છે મારા જનમ, કવન, ભ્રમણ, સર્વસ્વનો એકમાત્ર હેતુ.



* * *

## ૯. ચંદનની ચિતા

ગંગાના પવિત્ર તટ પર સમીસાંજે સંધ્યાની સુરખિ સાથે સ્પર્ધા કરતી બે ચિતા બળતી હતી. એક ગામની સાધારણ સ્ત્રીની ને બીજી ગામથી દૂર રહેનારી રાજમાતાની.

રાજમાતાની ચિતા ભારે ભભકાદાર હતી. એની આજુબાજુ પડદા કરેલા. એમાં અનેકાનેક સુવાસિત પદાર્થો પણ ભરેલા.

રાજમાતાની ચિતા ચંદનની હતી. પડદાની ઉપર પહોંચીને એણે પશ્ચિમની પેલી બળબળતી ચિતાને તિરસ્કારની નજરે જોઈને કહેવા માંડ્યું, અભાગિની, તારી તે કાંઈ કિંમત છે ? મારી તરફ જોઈને જરા વિચાર તો કર. હું કેટલી બધી સુંદર ને સુવાસિત દેખાઉં છું ! સમ્રાટના સૈનિકો મને સલામી ભરે છે, ને રાજપુરુષો ને મોટા માણસો મને નમન કરીને માન આપે છે. મારું સૌભાગ્ય તો જો. મારી આગળ તું કેવી કંગાળ લાગે છે !

બાવળની ચિતાએ કહ્યું : બેન, સલામી તને નહિ પણ રાજમાતાને અપાય છે તેની તને ખબર નથી. બાકી સાચી વાત, તો એ છે કે આપણે એક જ છીએ. એક જ કામ કરીએ છીએ. તું ગુમાની છે છતાં કોઈને કાંઈ જીવન નથી આપી શકતી. રાખમાં પરિપૂર્ણપણે પલટાઈ જઈએ તે પહેલાં આવ, આપણે એક થઈએ, સંસારની સેવા કરીએ.

ચંદનની ચિતાનું ગુમાન ગળી ગયું. કહે છે કે એને આલિંગન આપવા એણે ધૂળનું રૂપ ધારણ કર્યું.

* * *

## ૧૦. અવસરનો અમલ

આ અવનીને અમૃતમય કરવાનો અમુલખ અવસર આવ્યો છે એનો ઉપયોગ કરીને અવનીને અમૃત ધરીશ, એના અમૃતનું આકંઠ પાન કરીશ. આ અવનીમાં અમૃત ભરીશ.

નેહથી નીતરતા નેને નિહાળીશ – તારા નેહથી નીતરતા રૂપને નિરંતર નિહાળીશ; વાણીની વીણા પરથી છૂટેલા તારા સ્નેહસ્વરથી આકાશપાતાળને પરિપ્લાવિત ને પાવન કરીશ. શ્રવણથી તારી સુધાનો સાધારણ કે અસાધારણ પ્રત્યેક સ્વરમાં સ્વાદ લઈશ; જે મળશે તેમને તારો જ સંદેશ દઈશ.

સંકલ્પ ને વિકલ્પને તારૂં વાહન કરીને તારી જ પૂજા કરીશ.

એ રીતે મારા સમસ્ત જીવનને અમીમય કરીને અવનીનું પણ અમી થઈશ. મારી સમસ્ત શ્રી ને સંપત્તિ સાથે તારી સુંદર સરસ સૃષ્ટિની સેવા કરીશ ને શોભા બનીશ. ઓ મારા સુંદરતમ, સંસારની શોભા થઈશ.

અવનીને અમૃતમય કરવાનો અમુલખ અવસર આવ્યો છે એનો ઉપયોગ કરીને અવનીને અમૃત ધરીશ, એના અમૃતનું આકંઠ પાન કરીશ. અવનીમાં અમૃત ભરીશ.

* * *

## ૧૧. મંગલ મુસાફરી

પંખી પોતાના માળામાં પાછાં ફરે છે; ગાયો ગામની વાટે વળે છે. મધુથી મુગ્ધ મધુકર કમલદલને બિડાતાં જોઈને, કૃતાર્થતાનું ગીત ગાતાં મુસાફરીનો મહોત્સવ કરે છે.

મારી મુસાફરીને મેં શી સામગ્રી સાથે શરૂ કરી તેની મને ખબર નથી. પણ એટલું તો સાચું છે કે મુસાફરી મારે માટે મધુમય અને મંગલ થઈ પડી છે.

જે કાંઈ જોઉં છું તે બધું જ મંગલમય થઈ ગયું છે. જે કાંઈ અનુભવું છું, બોલું છું, સાંભળું છું તે પણ મંગલમય. અમૃતનો આસ્વાદ લેતો મારો અંતરાત્મા આઠે પહોર કોઈ મધુમય મહોત્સવમાં સામેલ થયો હોય એમ મને લાગ્યા કરે છે.

હવે જ્યારે મોટા ભાગની કેડી કપાઈ ગઈ છે ને સાંજનો સોનેરી સમય સમીપ છે ત્યારે, મને કહેવા દે કે મહીમંડળની મારી મુસાફરી મિથ્યા નથી થઈ. એની પ્રત્યેક પળ મારે માટે પાવન, પ્રાણવાન થઈ પડી છે; તારા સ્વર્ણમંદિરના સોપાનની શ્રેણી થઈ પડી છે !

* * *

## ૧૨. સ્વર્ગીય સિંહાસન પરથી

તમારા સ્વર્ગીય સિંહાસન પરથી નીચે ઊતરીને સંસારને સુખી ને સમૃદ્ધ કરવા માટે મહેનત કરનારા આ દેશવાસીની સાથે, સંસારના સઘળા સેવકોની સાથે, સેવાના સમરાંગણમાં આવો, એમને આશિષ આપો, એમના પરિશ્રમનો પ્રસ્વેદ દૂર કરો, ઓ મારા પ્રેમમય ! એમને સફળ કરો !

ક્યાંક આંસુની ઉજાણી થાય છે, ને ક્યાંક પીડાનો પારાવાર પ્રકટે છે. ક્યાંક મૂંઝવણનું મંથન ચાલે છે, ને ક્યાંક અનીતિ, અન્યાય તથા તાપનું તાંડવ થાય છે. એ સૌની વચ્ચે સ્મિત કરતાં, દર્દીને દિલાસો દેવા ને લહાવો લેવા પ્રકટ થાવ, ઓ મારા આનંદમય ! પ્રકટ થાવ !

મનુકુલના મહામંથનને સફળ કરો; જરી જેટલા ઝેરથી જડ બનેલા જગતને જીવનનું દાન દો ! અવની આખી એક થાય, સ્નેહ, સહકાર, શાંતિ ને સમૃદ્ધિનું ગીત ગાય, એવો આશીર્વાદ દો !

તમારા સ્વર્ગીય સિંહાસન પરથી નીચે ઊતરીને સંસારને સુખી ને સમૃદ્ધ કરવા માટે મહેનત કરનારા માનવોની સાથે શ્વાસ લો, એમને સફળતા દો !



(૨૨-૧-૧૯૬૦, ગુરુવાર)

* * *

## ૧૩. સમર્પણ

વસંતની વહેલી સવારે પવનની લલિત લહરી દોડાદોડ કરે છે ત્યારે, બાજુના બગીચામાં માળી પ્રવેશ કરે છે. સુવાસ ને સુંદરતાથી સંપન્ન સુમનનો સંચય કરીને થોડીવારમાં તો એ પાછો પણ ફરે છે.

મંદિરના મહાદેવને માટે મનહર માળા કરવાનો એનો મનોરથ છે.

વસંતની વહેલી સવારે મેં પણ મારા નાનાસરખા ઉપવનમાં પ્રવેશ કર્યો છે, એમાં જે કાંઈ શુભ ને સુંદર, સુવાસિત ને સનાતન છે, એને એકઠું કરીને તમારી પૂજા ને સેવા સારુ સમર્પિત કરું છું ! તમારા જ ઉપવનનાં તમારાં જ સુમન છે; તેમને તમારા ને તમારા સંસારની સેવાસારુ સમર્પિત કરું છું !

(૨૯-૧-૧૯૬૦, શુક્રવાર)

* * *

## ૧૪. કવિતાનું રહસ્ય

અષાઢી વાદળને વિલોકીને કલાપી કેકારવ કરે છે, પ્રેરણા પાતાં પિચ્છને પહોળાં કરે છે, નાચે છે, કૂદે છે, મહોત્સવ માને છે. એમનાથી એમ કર્યા વિના રહેવાતું જ નથી.

પૂર્ણમાના પ્રકટ થતા ચંદ્રને નિહાળતાંવેંત સાગરનું હૈયું હિલોળે ચઢે છે. પોતાના પ્રાણની પૂજા એની આગળ ઠાલવવા માટે એ ઉછાળા મારે છે. આનંદ અને અનંત આકર્ષણની એવી અભિવ્યક્તિ એને સારુ સહજ થઈ પડે છે.

ફૂલની ફોરમે ફોરમવંતા થયેલા ઉપવનમાં ભ્રમર આપોઆપ આવે છે; ફૂલની સાથે કેલિ કરતાં વાતે વળગે છે.

મારા હૃદયનું, પ્રાણનું, રોમેરોમનું પણ એવું જ છે ને ? તમારા સુધામય સ્વર્ણસુંદર સ્વરૂપનો સ્વાદ લઈને, તમારી સ્નેહસુધાનું પાન કરીને એ ઉછાળા મારે છે, હિલોળે ચઢે છે, સ્નેહના સનાતન સૂરમાં સરી રહે છે.

લોકો એને કવિતા કહે છે : જે મારું જીવન તેને કવન કહે છે !

(૩૦-૧-૧૯૬૦, શનિવાર)

* * *

## ૧૫. નીડરતા

તારા સનાતન સુધામય સ્નેહસુરમાને આંખમાં આંજીને આખીયે અવનીમાં ફરું છું; પછી મને ભેદભાવ ને દ્વેષથી ભરેલા દર્શનનો શો ભય છે ?

તારા પ્રેમભાવની ભસ્મને શરીરે ચોળીને વિશ્વમાં વિહરું છું; પછી મને વિશ્વનાં વાવાઝોડાંની, પૃથ્વીના પ્રલોભન ભરેલા પવનની, શી ફિકર છે ?

તારી પ્રસન્નતા ને પવિત્રતાના પતિતપાવન પ્રવાહનું પ્રતિક્ષણ પાન ને સ્નાન કરતાં, વધારે ને વધારે મુક્ત, મંગલમય, મસ્ત બનું છું; પછી મને બંધનની શી તમા છે ? મુક્તિની પણ શી પરવા છે ?

તારા જ્ઞાનના પ્રકાશથી પ્રકાશિત બનીને સંસારમાં શ્વાસ લઉં છું; પછી મને તિમિરની શી તમા છે, જડતાને જલાવી દેવાની પણ શી ચિંતા છે ?

* * *

## ૧૬. મારી ભૂમિકા

તમે જ કહોને, હું કઈ ભૂમિકા પર સ્થિત છું ?

તમારા ગજા અથવા ઓછાવત્તા અનુભવ પ્રમાણે તમે મારી ભૂમિકાની કલ્પના કરો છો, એ વિશે મનગમતા અભિપ્રાયો આપો છો. પણ મારા સાચા સ્વરૂપને તમે સમજી નથી શકતા : કહો કે નથી સમજી શકો તેમ. તેથી જ તમે કહો છો કે જ્ઞાનની સાત ભૂમિકામાંથી હું અમુક એક ભૂમિકા સુધી આવી પહોંચ્યો છું.

સાચી વાત તો એ છે કે તમારી ભૂમિકા તે મારી ભૂમિકા છે. એ ભૂમિકાએ હું આવી શકું છું. છતાં એથી પર છું, ને કાયમને માટે પર હોઉં છું. બધી જ ભૂમિકાનો આસ્વાદ લેતો છતાં બધી ભૂમિકાથી પર, અલિપ્ત, અતીત છું !

* * *

## ૧૭. મહાપુરુષને

પર્વતના પ્રદેશમાંથી બહાર આવો, મારા મહાપુરુષ ! આવો આ ધીખતી ધરતી પર; હજારો, લાખો, કરોડોની સાથે તમારી શાંતિ, સિદ્ધિ, શક્તિનો સ્વાદ લેવા આવો !

અનેક દુઃખી છે, અનાથ છે, કંગાળ છે. તમારા માર્ગદર્શન ને પ્રકાશ માટે એ ઝંખે છે. તાપે તપેલાં અનેક તમારી શીતળ સ્નેહાળ છાંયની આશા રાખે છે. આ મરુભૂમિમાં બીજાં અનેક અંતરાયો અને આપત્તિઓમાં અટવાયા કરે છે. એ સૌના સાથી થવા ને પ્રકાશદાતા બનવા, પ્રેમ ને કરુણા, સમજ ને શક્તિ તથા સહાનુભૂતિના અવતાર બનીને આવો, ઓ મારા મહાત્મન્ ! ગિરિની ગંભીર ગુફામાંથી આવો !

બીજાની શાંતિમાં માણો તમારી શાંતિ ને બીજાની પ્રકાશપ્રાપ્તિમાં તમારા પ્રકાશનો વિજય. અંતરને અલૌકિક કરીને, આંખમાં ભાવનું ભાથું ભરીને, નદીના નિર્જન તટપ્રદેશમાંથી બહાર આવો, મારા મહાપુરુષ ! આવો આ ધીખતી ધરતી પર; હજારો, લાખો, કરોડોને તમારો લાભ આપવા આવો !

(૨-૨-૧૯૬૦, મંગળવાર)



* * *

## ૧૮. અનુરાગની અભિવ્યક્તિ

આખરે આપણો અનુરાગ જાહેર થઈ ગયો છે. હું તમને ચાહું છું, તમે પણ મને ચાહો છો; ચાહનાની એ કથા છતી થઈ ગઈ છે. આખરે આપણો પ્રેમ જાહેર થઈ ગયો છે.

મારાથી બને ત્યાં સુધી તો આપણા વહાલની વાતને મેં છાની રાખી. પણ તમે જ તેને પ્રકટ કરી દીધી. મારા કોમળ, ક્લેશરહિત કાળજામાં તમારી કામણગારી કુસુમકળી પેદા કરીને આખરે તમે જ તેને સૌરભથી ભરી દીધી; એની પ્રત્યેક પાખંડી ખોલી દીધી. આપણા અનુરાગની અમર આખ્યાયિકાને આખરે તમે પ્રકટ કરી દીધી.

મને તેનો વસવસો નથી. સંસારને સારુ એ શુભ જ થશે. તમારે માટેનો પ્રેમ ઘટતો જાય છે એવા યુગમાં મારા અનુરાગ અને અનંત અનુરાગની અભિવ્યક્તિ બીજાને માટે પ્રકાશ, પ્રેરણા, પથપ્રદર્શનનું કારણ બનશે; નવજીવનની કેડી થઈ પડશે.

(૯-૨-૧૯૬૦, મંગળવાર)



* * *

## ૧૯. દર્શનની સહજતા

તમારા માટેનો પ્રેમ મારા પ્રાણમાં કેટલો પ્રબળપણે પ્રકટી ઊઠ્યો છે તે કેમ કરીને કહી બતાવું ? તમે મારા કોમળ કાળજાને કામણ કર્યું છે. એની અંદર તમારું કાયમનું આસન થયું છે.

યુગોયુગ હું તમને આમ જ પ્રેમ કરતો આવ્યો છું. આ જીવનમાં પણ જાગ્યો ત્યારથી શોધતો આવ્યો છું. હવે તો કેટલાય વખતથી મેં તમને મારું સર્વસ્વ ધર્યું છે.

સંસારના અણુપરમાણુમાં પ્રકટેલા તમારા સ્વરૂપને સ્નેહ, સુંદરતા, માર્દવ, મધુરતાના રૂપમાં વિલોકીને મેં વંદન કર્યું છું; હૈયું ધર્યું છે. તમારું દેવદુર્લભ દર્શન એ રીતે મારે માટે સહજ થયું છે.

(૧૨-૨-૧૯૬૦, શુક્રવાર)

* * *

## ૨૦. કવિ ને કવિતા

પોતાના પ્રીતમની પસંદગી માટે પોતે રચેલા સ્વયંવરથી નિરાશ થઈને, કવિતાદેવી સોળે શણગાર સજીને ચાલી નીકળી. એના શરીરની સુવાસથી સૃષ્ટિ સુવાસિત બની રહી.

માર્ગમાં એને એક મહાકવિની મુલાકાત થઈ ગઈ.

કવિએ વાતવાતમાં કહ્યું : દેવી, વરમાળા મારા જ કંઠમાં શોભે એમ છે. વરમાળા મને અર્પણ કરો. હું તમને રાજા મહારાજાની મુલાકાતે લઈ જઈશ; એમને પ્રસન્ન કરવાના બધા જ પ્રયાસ કરીને વધારે ને વધારે યશસ્વી થઈશ.

કવિતા એને મૂકીને આગળ વધી. ત્યાં તો થોડે દૂર એક શીઘ્રકવિ મળી ગયા.

તેમણે પ્રાર્થનાસ્વરમાં કહ્યું : મહાદેવી, મારા વિના તમારે માટે વધારે લાયક બીજું કોઈ જ નથી. હું તમને પ્રકૃતિની પાસે પહોંચાડીશ, ચૌટે ને ચકલે લઈ જઈશ, લોકરંજન કરીશ.

આગળ જતાં એક એકાંત આશ્રમમાં એક મુનિવરનો મેળાપ થઈ ગયો.

એમણે કહ્યું : દેવી, જનતાની જાગૃતિ માટે, સંસારની સુખાકારી, સમૃદ્ધિ, શાંતિ માટે, મારી મહેનત છે. તેમાં તમે મદદરૂપ થઈ શકતા હો તો આવો, મારા નાનાસરખા સૂના આશ્રમમાં તમારે સારુ આસન કરું ! તમને ફૂલની જેમ રાખીશ ને જીવને જોખમે તમારું જતન કરીશ.

કવિતા એમને કંઠે માળા ધરીને એમને વળગી પડી : એમની સનાતન સેવિકા બની !

**(૧૬-૨-૧૯૬૦, મંગળવાર)**

* * *

## ૨૧. ફરી ખાતરી થઈ

કેટકેટલા વખતથી હું તમને શોધતો હતો ! એમ કહો કે કદાચ તમે પણ મને શોધતાં હતાં. આખરે આપણે મળી ગયાં.

સૂર્યોદય સમયના તાજાં કિરણનો સ્પર્શ થતાં કમળના દલ જેમ પ્રસન્નતાપૂર્વક ખીલી ઊઠે છે, તેમ આપણું તન, મન, અંતર, અણુ અને પરમાણુ, પ્રેમનું પાવન ગીત ગાતાં ખીલી ઊઠ્યાં; આપણું સર્વકાંઈ કોઈક મંગલ મહોત્સવમાં સામેલ થયું. સાગર ને સરિતાના સુભગ સંગમની જેમ આપણું આલિંગન એકમેકને માટે અત્યંત આહ્લાદક થઈ પડ્યું.

તમારા વિનાનું જીવન ખરેખર નીરસ છે; તમારામાં જ તેનો રસ ને તમારે લીધે જ તેની કિંમત છે; એ વાતની મને એકવાર ફરીથી ખાતરી થઈ.

(૨૨-૨-૧૯૬૦, સોમવાર)



* * *

## ૨૨. તમારો મેળાપ

મારા જરી જેટલા જીવનમાં તમે કેટલાં બધાં મૂલ્યવાન છો, તમારું મહત્વ કેટલું બધું મોટું છે, તે કેમ કરીને કહી બતાવું ?

સમુદ્રમંથનમાંથી લાંબે વખતે અમૃત મળ્યું તે જીવનના જટિલ જુગજૂના મંથનમાંથી દેવતાના વરદાનની જેમ મને તમારી પ્રાપ્તિ થઈ. મારું સમસ્ત જીવન તમારે લીધે સ્નેહમય, સુધાસભર, સ્વર્ગીય થઈ ગયું.

આંખમાં તમારા અનુરાગનું અંજન, શ્વાસમાં તમારા સ્વરૂપની સુધા, અંતરમાં તમારા આલિંગનનો આનંદ ભરીને સંસારમાં તમારી સાથે શ્વાસ લઈશ, ને જીવનને કૃતાર્થ કરીશ.

એ નવજીવનના પ્રવેશના પ્રારંભરૂપે જ તમારો મેળાપ થયો.

(૨૪-૨-૧૯૬૦, બુધવાર)



* * *

## ૨૩. તમારી સાથેની એકતા

બધાં રૂપ, બધાં મુખમાં તમારાં જ રૂપ, મુખનું દર્શન કરું છું.

તમારી અમીભરેલી અલૌકિક આંખલડીને બીજા બધાની આંખમાં જોયા કરું છું. શબ્દેશબ્દે તમારું જ સંગીત સાંભળ્યા કરું છું, પ્રત્યેક સુધામય, શીતળ, સુખદ સ્પર્શમાં તમારા જ સ્વર્ગીય સ્પર્શનો અનુભવ કરું છું.

બધા રસમાં તમારા જ રસનું પાન : સઘળી સુંદરતા, શુચિતા, શ્રીમાં તમારી જ સુંદરતા, શુચિતા શ્રીનો સાક્ષાત્કાર : પ્રત્યેક પરમાણુમાં તમારા મંગલમય મંદિરનું દર્શન કરું છું.

જગતમાં જ્યારથી જાગ્યો ત્યારથી તમારી સાથેની એવી એકતા થઈ ગઈ છે : તમારે માટેની એવી લગની લાગી ગઈ છે.

તમારા જ જગતમાં જીવું છું. તમારા જ શ્વાસે શ્વાસ લઉં છું.

મહાશિવરાત્રી
(૨૫-૨-૧૯૬૦, ગુરુવાર)

* * *

## ૨૪. કલ્પના તો કરી જુઓ

તમારી માયાનો કેવો અમાપ, મીઠો, મસ્ત મહેરામણ મારા ઉરમાં ઊછળી રહ્યો છે, તેની કલ્પના તો કરી જુઓ ! તેના તરંગેતરંગમાં તમારું જ તાન, તેના રસમાં તમારો જ રાગ, એના ધીરગંભીર ઘોષમાં તમારું જ ધ્યાન છે.

મારા કોમળ કાળજામાં તમારા અનુરાગનો કેવો અખંડ અનેરો અર્ણવ ઉછાળા મારી રહ્યો છે, તેની કલ્પના તો કરી જુઓ !

મારા અંતર અને મનમાં જ નહિ, અણુએ અણુમાં ડોકિયું કરીને જરા જોઈ તો લો કે તમારા વિના ત્યાં બીજું કોઈયે દેખાય છે ખરું ? હૃદયમાં જ નહિ, રોમેરોમમાં એક તમારું જ રાજ ચાલે છે, તન, મન, અંતરના તાર પર એક તમારું જ સંગીત ચાલે છે.

તમારી પ્રીતનો કેવો પરમ પાવન પારાવાર મારા પ્રાણમાં પોતાના પડછંદા પાડી રહ્યો છે, તેની કલ્પના તો કરી જુઓ !

મહાશિવરાત્રી
(૨૫-૨-૧૯૬૦, ગુરુવાર)



* * *

## ૨૫. તમારી ને મારી પ્રીત

તમારી ને મારી એવી પ્રીતિ થઈ ગઈ છે જેવી પાણી ને મીનની. તદ્દન સહજ ને સ્વાભાવિક થઈ ગઈ છે. કોઈપણ કાળે ને સ્થાને તૂટી તૂટવાની, ખૂટી ખૂટવાની નથી.

તમારી ને મારી એવી પ્રીત થઈ ગઈ છે જેવી ફૂલ ને ફોરમની. તદ્દન સહજ ને સ્વાભાવિક બની ગઈ છે. કોઈપણ કાળે ને સ્થાને તૂટી તૂટવાની, લૂંટી લૂંટાવાની નથી.

તમારા વહાલની વીણાને લઈને, તમારું ગૌરવગીત ગાતાં, ધરતી પર ફર્યા કરું છું. તમારા વહાલ વિના મારા જીવનમાં બીજું કાંઈ જ નથી. તમારી સાથે સ્મિત કરતાં, તમારા સમાગમસુખનો સ્વાદ લેતાં, ધરતી પર ફર્યા કરું છું.

તમારી ને મારી એવી પ્રીતિ થઈ ગઈ છે જેવી વાણી અને અર્થની. તદ્દન સહજ ને સ્વાભાવિક બની ગઈ છે. કોઈપણ કાળે ને સ્થાને તૂટી તૂટવાની, ખૂટી ખૂટવાની નથી.



* * *

## ૨૬. રસિકતાનું રહસ્ય

મારા જીવનમાં જે સ્નેહ, શાંતિ અને આનંદની સૃષ્ટિ છે તેને નીરખીને લોકો નવાઈ પામે છે, ને પૂછે છે, 'આટલો બધો આનંદ, રસ ને આટલી બધી સનાતન શાંતિ તમારા જીવનમાં ક્યાંથી છે ?'

એમાંના કેટલાકને ઉત્તર આપું છું, ને કેટલાકની આગળ મૌન રાખવાનું જ પસંદ કરું છું. મારા જીવનનો રસ કદી ખૂટ્યો નથી ને ખૂટવાનોયે નથી; કેમકે તમારી સાથે મેં સંબંધ બાંધ્યો છે. તમે રસેશ્વરી છો. એવું જ મારા જીવનના સ્નેહ, આનંદ, મારી શાંતિનું છે. તમારા અનંત ભંડારમાંથી મને તેનો વૈભવ આપોઆપ મળ્યા કરે છે.

મારા જીવનની રસિકતાનું આ જ રહસ્ય છે : એનાં પ્રેરણાદેવી, ધાત્રી, વિધાત્રી એવાં તમે. પરંતુ એ ગૂઢ વાતને બીજું કોઈ ભાગ્યે જ સમજે છે.

(૭-૩-૧૯૬૦, નડિયાદ)



* * *

## ૨૭. વ્યોમની વાદળી

વર્ષાઋતુના ચંદ્રે પોતાની પાસેની વાદળીને કહ્યું, વહાલી વાદલડી, મારી પાસે – છેક પાસે આવી જા. મારા રૂપને બે ઘડી માટે ઢાંકી દઈને પછી અલગ થા.

વાદળી બોલી, વહાલા ચંદ્ર, તને મારું આલિંગન ગમે છે ? એથી તો તું ઢંકાઈ ને મૂંઝાઈ જઈશ.

ચંદ્રે કહ્યું, મને ગમે છે કે નહિ તે પ્રશ્ન નથી. હજારો આર્ત અને અનાથની મીટ મારા પર મંડાયેલી છે. એ આપણા અભિનયનું અવલોકન કરશે તો એમને પ્રેરણાનો નવો પાઠ મળશે – નવો રાહ જડશે. સંસારની સેવામાં સામેલ થવા મારું તને આમંત્રણ છે !

ને વાદળી ચંદ્રને વીંટળાઈ વળી, ગાંડીઘેલી બનીને વીંટળાઈ વળી.

* * *

## ૨૮. તમારે માટેનાં ગીતો

તમારા પ્રેમનાં ગીતો કેટલાં બધાં સરસ ને ભાવવાહી હોય છે ! ઉરના ભાવ ને ઉમળકાને રજૂ કરનારાં ગીતો કાળજામાં કાયમને માટે કોતરાઈને અમર રહી જાય છે.

મને એ ગીતો ઘણાં જ ગમે છે. અને તમારું શું નથી ગમતું ? ખરી રીતે તો તમે મને ખૂબ ગમો છો. તમારા પર મને અત્યંત વહાલ છે. તેથી તમારી પ્રત્યેક વસ્તુ મને પ્યારી લાગે છે.

તમારે માટેનાં ગીતો તો ગીતા કરતાંયે વધી જાય છે. તેના વાચન પાસે ગીતાપાઠ પણ નીરસ લાગે છે. અંતરને એ આનંદ આપે છે; આંખને તૃપ્તિ.

જેમ ઉષા રોજ નવુંનવું રળિયામણું રૂપ ધારણ કરે છે; ફૂલ નવીનવી ફોરમ લઈને ખીલી ઊઠે છે; નદી નિત્યનૂતન દેખાય છે, ને ગગનની ગહનતા મટતી નથી; તેમ તે રોજરોજ નવો રસ, નવું રૂપ, નવી ફોરમ, નવી ગહનતાને ધારણ કરશે. એમ કહો કે નિત્યનૂતન થયા કરશે. જ્યારે જ્યારે એનું વાચન કરવાનો વખત મળશે ત્યારે ત્યારે જીવન ઉત્સવમય લાગશે; અવનવા આનંદે આપ્લાવિત બનશે.

* * *

## ૨૯. તમારો ને મારો મેળાપ

કઈ ધન્ય ઘડીએ તમારો ને મારો મેળાપ થઈ ગયો છે તેની મને ખબર નથી; પણ આપણો મેળાપ થયો છે અત્યંત આનંદદાયક, મંગલમય, ઉપકારક, એમાં સંદેહ નથી.

એણે મારી કાયાપલટ કરી નાખી છે. મારા રેતાળ રણ જેવા જીવનમાં વહાલની વનસ્થલી પેદા કરી છે. મને પ્રેરણાની નવી સામગ્રી ધરી છે.

કઈ ધન્ય ઘડીએ તમારો ને મારો મેળાપ થઈ ગયો છે તેની મને ખબર નથી; પણ આપણો મેળાપ થયો છે અત્યંત આશીર્વાદરૂપ, એમાં સંદેહ નથી.

પાંખ વિનાના પંખીને પાંખ મળી ગઈ, અંધને આંખ, જડને જીવનની પ્રાપ્તિ થઈ. મરુભૂમિમાં સુધામય સ્વર્ગીય સરિતાની સૃષ્ટિ થઈ. તન, મન, અંતરની વીણા પર નવા સ્વરની સૃષ્ટિ થઈ.

કઈ ધન્ય ઘડીએ, કયા કારણે તમારો ને મારો મેળાપ થઈ ગયો છે તેની મને ખબર નથી; પણ આપણો મેળાપ થયો છે અત્યંત આહ્લાદક, અનેરો, ઐતિહાસિક, એમાં સંદેહ નથી.

(૧૫-૩-૧૯૬૦)

* * *

## ૩૦. મારું સદ્ભાગ્ય

જીવનની આ જટિલ, લાંબી યાત્રામાં તમે મને મળી ગયાં એ મારું સદ્ભાગ્ય છે. તમારા વિના મારી મુસાફરી ખરેખર રસ ને કસ વિનાની, ભારરૂપ થઈ પડી હોત. તેને હું ભાગ્યે જ સહીસલામત રીતે પૂરી કરી શક્યો હોત.

તમારે લીધે જ મારું જીવન જીવન બન્યું, રસાળ થયું.

મારા જીવનમાં થયેલા તમારા પ્રાકટ્યને કોની સાથે સરખાવું ? અંધારી રાતને અંતે થયેલા ઉષાના પ્રાકટ્ય સાથે ? રાગથી રંગાયેલા ગગનમાં ચમકતી પેલી પૂનમની પોયણી જેવી ચંદ્રકલાની સાથે ? કે જગતને જીવન આપવા આવી પહોંચેલી પેલી ગૌરવભરી ગંગાની સાથે ? એ સૌના કરતાં તમારો મહિમા વધારે છે. તમારો ઉપકાર મોટો છે : તમારી સુંદરતા, સરસતા અધિક છે. એ સૌનું સ્મરણ કરીને તમને માત્ર એટલું જ કહું છું કે જીવનની આ મહાયાત્રામાં તમે મને મળી ગયાં એ મારું મોટામાં મોટું સદ્ભાગ્ય છે.



(૨૬-૩-૧૯૬૦, શનિવાર)

* * *

## ૩૧. મારી આકાંક્ષા

મારા અંતરમાં એક તારું જ આસન છે. તારી જ આરાધનાના અમીમય અનવરત આલાપ ત્યાં થઈ રહ્યા છે. એમાં એક તારા જ અનુરાગનો અર્ણવ ઉછાળા પર ઉછાળા મારી રહ્યો છે.

મારા હૃદયમાં, રોમેરોમમાં એક તારું જ રાજ ચાલી રહ્યું છે. એક તારા જ રસનો રાસ રમાઈ રહ્યો છે. થઈ રહ્યું છે એકમાત્ર તારા જ નેહનું નિત્યનૂતન નર્તન. તારા જ સ્નેહસંગીત સભર, સુવાસિત મારો શ્વાસોશ્વાસ તારી મહાપૂજાની પદ્મપાંખડી બનીને પ્રસન્નપણે પુલકિત થઈને પ્રકટી રહ્યો છે.

મારા જીવનમાં તારા વિના બીજું છે જ શું ? તું જ છે મારું જીવન, મારું કવન, મારા શ્વાસનું સ્પંદન પણ તું જ છે.

મારા અનુરાગની અવગણના ના કરીશ. એથી તારા હૃદયને, રોમેરોમને રાગભર્યું કરીશ તો હું કૃતાર્થ થઈશ. એજ મારી આકાંક્ષા છે. મારા અનુરાગથી હું જન્મજન્માંતર લગી તારી અર્ચના કરીશ !

(૨૭-૩-૧૯૬૦, રવિવાર)

* * *

## ૩૨. બીજું કોઈ જ નથી

ઉપર વિશાલ ગહન ગંભીર ગગન છે ને નીચે ધરતી. એમાં જો મારું કહેવા જેવું કોઈયે હોય તો છો એક તમે ને તમે જ. તમારા વિના મારું સ્નેહી, સ્વજન, હિતેચ્છુ બીજું કોઈ જ નથી.

વેદના ઋષિએ સૂર્યને પૃથ્વીનો પ્રાણ કહ્યો છે, પરંતુ મારા પ્રાણ તો તમે જ છો. તમે જ છો મારું જીવન, મારો જીવનઆધાર, મને જીવન આપનાર.

તમારી જ હૂંફથી હસું છું. તમારા જ રસમાં રમું છું. તમારા વિના ખરેખર મારું કોઈ જ નથી.

ઉપર વિશાલ ગહન ગંભીર ગગન ને નીચે ધરતી; એમાં મારું કહેવા જેવું બીજું કોઈ જ નથી.

(૨૮-૩-૧૯૬૦, સોમવાર)



* * *

## ૩૩. અમુલખ અવસર

અરે મારા પાગલ પ્રાણ ! પામરતાનો પરિત્યાગ કરીને તારા પ્રિયતમને નેહભરી નજરથી નિરખી તો લે ! આવો અમુલખ અવસર ક્યારે મળવાનો હતો ? પ્રિયતમને પેખી તો લે !

અરે મારી આળસથી અંજાયેલી આંખ ! આળસનો અંત આણીને, અમૃતનું અંજન આંજીને પ્રિયતમને પેખી તો લે ! આવો અમુલખ અવસર ફરી ક્યારે મળવાનો હતો ? પ્રિયતમને જરા દેખી તો લે !

અરે મારા રાગરહિત હૃદય ! રાગથી રંગાઈને ને રસિક બનીને તારી પદ્મપાંખડી પર તારા પ્રિયતમની પ્રતિષ્ઠા તો કરી લે ! આવો અમુલખ અવસર ફરી ક્યારે મળવાનો હતો ? પ્રાણાધારની પ્રતિષ્ઠા તો કરી લે !

અરે મારા સુસ્ત શરીર ! સુસ્તીને છોડીને એ તારી રાહ જોતો, તને આશ્લેષ આપવા માગતો હાથ ફેલાવીને ઊભો છે; ત્યારે એને આશ્લેષ તો આપી લે ! આવો અમુલખ અવસર ફરી ક્યારે મળવાનો હતો ? એને કંઠે કુસુમ કરતાંયે કોમલ એવી માળા તો કરી દે !

અરે મારા જડ જીવન ! તારું બધું જ એને ચરણે ધરી દે. તું એનું જ બની લે. આવો અમુલખ અવસર ફરી ક્યારે મળવાનો હતો ?

(૨૯-૩-૧૯૬૦, મંગળવાર)

* * *

## ૩૪. અર્પણ

મારા આશ્રમના એકાંત ઉપવનનાં આ ફૂલ !

માળીએ એમને ચૂંટીને દેવમંદિરે મૂકી દીધાં છે : મંદિરની મૂર્તિની શોભા કર્યાં છે. એથી એ ફૂલ ને દેવતા બંને કૃતાર્થ થયા છે.

એવાં જ પણ એથીયે અનોખાં છે મારા અંતરના આંગણિયે ઊગેલાં આ ફોરમવંતા ફૂલ ! લાલ ને શ્વેતરંગી સુંદર કમળ જેવાં એ તમારે માટે છે : તમારા જ અભિષેક અને આનંદ માટે છે.

એમના રૂપમાં આવિર્ભાવ પામેલું મારું અંતર અને અંગનું અણુએ અણુ આજે તમારે શ્રીચરણે ધરું છું ને પૂજા પૂરી કરું છું !

(૩૦-૩-૧૯૬૦, બુધવાર)



* * *

## ૩૫. આશ્વાસન

અભાવ અને અંધકાર ક્યાં નથી ?
પરંતુ એનો અંત પણ છે, અવશ્ય છે.

પ્રસન્નતા, પ્રકાશ, પરિમલને ખોઈ બેઠેલું પ્રતીચીનું પદ્મદલ ખીલી ઊઠ્યું અને અંધકારનો અંત આવ્યો.

વેદના, વ્યથા, વલવલાટ ક્યાં નથી ? કોના જીવનમાં નથી ?
પરંતુ એનો અંત પણ છે; અવશ્ય છે.

વેદનાનું મર્મભેદક ગીત ગાતા સાગરનું હૈયું જોતજોતામાં તો હિલોળે ચઢ્યું, પૂનમના ચંદ્રની સામે મસ્તીમાં મગન બનીને એણે પોતાનું વહાલ ઠાલવવા માંડ્યું.

દુઃખ અને દીનતા ક્યાં નથી ?
પરંતુ એનો અંત પણ છે; અવશ્ય છે.

માળીએ આવીને આ વેરાન વનને ઉપવનમાં પલટાવી દીધું : ધરતી સુખી થઈ, લીલીછમ બની ગઈ, લોકોને માટે તીરથથી પણ વિશેષ થઈ !

* * *

## ૩૬. યોગની સિદ્ધિ

વર્ષાઋતુની એક સાંજે હું યોગીના એકાંત આશ્રમમાં જઈ ચડ્યો. થોડીવાર સુધી આડીઅવળી ચર્ચાવિચારણા કર્યા પછી તેણે મને પૂછ્યું, "તમને શું યોગની પેલી સિદ્ધિ સાંપડી છે જે દ્વારા યોગી કાંટા, કાંકરા, કાદવ, કીચડ, પાણી પરથી પસાર થઈ શકે છે ? મારી માફક તમને પણ શું એવી સિદ્ધિ સાંપડી છે ?"

મેં કહ્યું, "પ્યારા યોગી, એવી સિદ્ધિ સિવાય મારી મુસાફરી નથી અટકી. હું મુસાફર છું ને મારી મુસાફરી ચાલુ છે. પણ હા, એક બીજી વાત કહી બતાવું. મારી આજુબાજુનો કલહ, કટુતા કે ક્લેશનો કાદવ મને કાંઈ અસર નથી કરી શકતો. નિંદા, ટીકા, કષ્ટોના કાંટાકાંકરા અને પ્રતિષ્ઠાના પાણીથી હું અલિપ્ત રહું છું. એને યોગ કહે કે યોગની સિદ્ધિ કહે, મને એથી આનંદ મળે છે."

યોગી મારા તરફ બે હાથ જોડીને બેસી રહ્યો – સૂનમૂન થઈને બેસી રહ્યો.

(૨-૪-૧૯૬૦, શનિવાર)

* * *

## ૩૭. જુવાની ને ઘડપણ

એક વખત એવો હતો કે લોકો અખંડ યૌવનથી સંપન્ન રહેતા. પદ્મની પાંખડીની પેઠે અંગેઅંગ અવનવી આભાથી ઓપી રહેતાં. કુસુમ તો કદીક પણ કરમાય, પણ કાયા જાણે કે ના કરમાતી.

પણ પછી તો કહે છે કે માનવીને જુવાનીનો મદ ચઢ્યો. રૂપના ગુમાનમાં ઘમંડી બનીને એણે ના કરવાનાં કામો કરવા માંડ્યા, ના જવાને રસ્તે જવા માંડ્યું. અંગમાં જ આસક્ત અસુરની જેમ એણે જીવવા માંડ્યું.

ત્યારે, કહે છે કે, દેવોએ ને વિવેકી સ્ત્રીપુરુષોએ જુવાનીને પ્રાર્થના કરી. એ દિવસથી, કુદરતના કાનૂન પ્રમાણે કરમાવાનું શરૂ કરી, જુવાનીએ ઘડપણ બનવાનું ચાલુ કર્યું.

જુવાની ને ઘડપણ ત્યારથી, કહે છે કે, વારાફરતી ચાલ્યા કરે છે.

(૩-૪-૧૯૬૦, રવિવાર)



* * *

## ૩૮. કવિનું કામ

સમુદ્રના વિશાળ તટ પર મારો અને એનો મેળાપ થઈ ગયો. બે હાથે સમુદ્રનું પાણી લઈને એ બહાર ફેંકતો હતો.

મારી જિજ્ઞાસાના જવાબમાં એણે કહ્યું : સાગર ગમે તેટલો વિશાળ હોય તોપણ એને હું આ રીતે જરૂર ખાલી કરીશ ને સૂકવી શકીશ. મને મારામાં વિશ્વાસ છે.

મારી આંખમાં આંખ મિલાવીને એણે કહ્યું : પરમાત્માનો પાર પામવાની કોશિશમાં હું સફળ થઈશ તો હું શું મારા આ કામમાં સફળ નહિ થઉં ?

તે દિવસથી જ્ઞાનના ગ્રંથોનો મોહ મૂકી દઈ ને તીખા તપની સાધના છોડી દઈને, ઓ મારા પ્રાણાધાર, મેં તને ચાહવાનું ને ગાવાનું શરૂ કર્યું. તારા સ્નેહના ક્ષીરસાગરમાં સ્નાન કરવા સૌને સન્માન સાથેનું આમંત્રણ આપ્યું.

તે દિવસથી મારું નામ કવિ થયું !



* * *

## ૩૯. સત્ય ને અસત્ય

સરિતાના સુંદર તટ પર એક આશ્રમ હતો. તેમાં રહેતા સંતે પોતાના પ્રશંસકોને કહ્યું, 'એક અવસ્થા એવી આવે છે જ્યારે અસત્ય સત્ય બની જાય છે; સત્યના જેવું જણાય છે. સત્ય પછી વાસ્તવિક મટીને કાલ્પનિક બની જાય છે.'

મારા તરફ ફરીને તેમણે પૂછ્યું, કેમ સાચું છે ને ?

મેં નમ્રતાથી ઉત્તર આપ્યો, 'કોઈને માટે કદાચ એમ હશે, પણ એ કાંઈ સંપૂર્ણ સાચું નથી. સાચી વાત તો એ છે કે એક અવસ્થા એવી આવે છે જ્યારે કેવળ સત્ય જ પ્રકાશી રહે છે, સત્યનો જ સાક્ષાત્કાર થાય છે, કલ્પના અને અસત્યનો અંત આવે છે. અમર સત્ય છે, સંપૂર્ણ સત્ય છે, નહિ કે અસત્ય.'

મારા ઉત્તરથી પ્રશંસકો તો પ્રસન્ન થયા, પણ વાદળ પાછળનો ચંદ્રમા પણ પ્રસન્નતાપૂર્વક બહાર નીકળ્યો.

રામનવમી (૫-૪-૧૯૬૦, મંગળવાર)



* * *

## ૪૦. તમારી હાજરી

તમારી હાજરીમાં મારી દશા કેવી થાય છે, અથવા કહો કે તમારી હાજરીનું મારા પર કેવું કામણ થાય છે, તે જાણવું હોય તો આવો આ સરોવર પાસે ને જુઓ આ કમળને.

પર્વતમાળાની પાછળથી પ્રકટ થતા સૂરજનાં સોનેરી કિરણોના સ્પર્શે એની પાંખડી ખીલે છે – કોઈક નવજાત શિશુની આંખ ખુલતી હોય એમ.

ને જુઓ આ ઉમંગને ઉરમાં ભરીભરીને ઉછાળા મારતો સ્નેહના સદન સરખો સાગર. ચંદ્રના ઉદયથી એનો ઉલ્લાસ માતો નથી. ઠીક એવી જ છે ને થઈ જાય છે મારી દશા, તમારી મધુર, મંગળ, હેતાળ હાજરીમાં.

(૯-૪-૧૯૬૦, શનિવાર)



* * *

## ૪૧. રચનાની સફળતા

કવિતારસના રસિયા કહે છે કે ઉપમા તો કવિ કાલિદાસની જ; ભારવિનું અર્થગૌરવ, દંડીનું પદલાલિત્ય સૌથી વધારે પ્રશંસનીય; ને માઘમાં એ ચારે ગુણ રહેલા છે. કોઈ કહે છે કે કથાની કળા કે સંકલના તો બાણની જ.

એ વાતનો નિર્ણય ગમે તે હોય, પરંતુ મારામાં એમાંનું કશું જ નથી. એ કવિઓની એકે વિશેષતા મારામાં નહિ મળે. મને એની ચિંતા પણ નથી.

મારાં તન, મન, અંતર, અણુએ અણુ ને મારી રચનામાં તો છે તમારા પ્રેમનો પુનિત ત્રિભુવનતારક પરમ પ્રવાહ; તમારા સ્નેહનો સુમધુર સંવાદ; તમારી આરાધનાના આછાપાતળા એવા આઘાત-પ્રત્યાઘાત. એને લીધે જ મારો આનંદ છે; એને લીધે જ છે મારું ગૌરવ.

સાગરના તરંગ, વખતના વીતવા સાથે, કિનારા પરના પથ્થરને પણ પીગળાવીને, રેતીમાં પલટાવી નાખે, તેમ તે પથ્થરદિલને પણ ડોલાવશે, દ્રવીભૂત કરશે, સ્નેહની સુવાસે ભરી દેશે. એમાં જ એની સફળતા છે.

* * *

## ૪૨. ગાયા વિના ના રહેવાયું

જ્યાં જોઈએ ત્યાં અંધારું. આજુબાજુ બધે જ અંધારું. એવી અંધારભરેલી રાતે, નદીના તટ પરના પર્વત પાછળથી, એકાએક ચંદ્રનો ઉદય થયો, ને ઉપવન આખુંયે અંજાઈ ઊઠ્યું.

નદી નેહમાં નહાવા માંડી. પવને પ્રસન્નતા ધારણ કરી. ભૂલેલા, મૂંઝવણમાં મૂકાયેલા, મુસાફરને માર્ગ મળ્યો.

આવી જ રીતે પ્રકાશનું પાવન દાન દઈને સંસારને નૂતન સંદેશ ધરી શકું, જગતને નવજીવન દઈ શકું, બધે નવી ચેતના ભરી શકું, એ મારી અભિલાષા છે. એ માટે જ છે મારું જીવનધારણ, મારી સાધના. એની સિદ્ધિને હવે વહેલામાં વહેલી તકે નિહાળી શકું – હે પ્રભુ, નિહાળી શકું !

દૂર કોઈ ગાતું હતું; મારાથી એ જોઈને ગાયા વિના ના રહેવાયું.

(૧૧-૪-૧૯૬૦, સોમવાર)



* * *

## ૪૩. સમાધાન

ઉષાના ઉન્માદકારક રંગો આકાશમાં બધે જ ફરી વળ્યા હતા. ઉપવનનાં પંખીનો કલરવ સર્વત્ર સંભળાતો. એથી પ્રસન્ન પવન આમતેમ આંટા મારતો.

એ વખતે, સવારના સોનેરી સમયે, એ મારી પાસે આવી પહોંચી.

એના અંગાંગમાં મોગરા ને માલતીની મધુરતા હતી. લોચનમાં હતી ચપલાની ચમક. મુખ તો જાણે કે મધપૂડો.

એની ને મારી આંખ એક થઈ એટલે એણે એકાએક પૂછ્યું, મારા પ્યારા કવિરાજ, આટલી બધી સુંદરીઓ, આટલી બધી કુમારિકાઓ, તારા કૃપાકટાક્ષની કામનાથી, તારી પાસે આવે છે, છતાં તું મારા જ ગુણો કેમ ગાય છે, મારા જ પ્રેમથી પરિપ્લાવિત શા માટે થાય છે ?

દેવી ! ... હું એની આગળ વધારે ખુલાસો કરું તે પહેલાં તો મારું અંતર ટપકવા માંડ્યું : મારાથી કાંઈ કહી જ ના શકાયું.

પાસે બેઠેલા પંખીએ જાણે પોકારીને કહ્યું : તમારા વિના બીજા કોનામાં એમને આમ પ્રેમમાં પલાળી દેવાની, અરે, દૃષ્ટિમાત્રથી અચળ કરવાની શક્તિ છે ? પછી એ તમને કેમ ના ચાહે ? સંસારમાં સૌ છે, સારો સંસાર છે, પણ તમે તો સૌનાં સ્વામિની, એના અંતરના અધિકારિણી છો.

એના મનનું સમાધાન થયું.

(૧૨-૪-૧૯૬૦)

* * *

## ૪૪. અમર આકર્ષણ

સ્નેહના સચોટ છતાં મૂક સંદેશ આપતો સાગર ચમકારા કરતી ચારુ ચંદ્રકલા સામે ઉછળે છે, એમાં કોઈને નવાઈ લાગે છે ખરી ?

વરસાદી વાદળીને વિલોકીને કલાપી કેકારવ કરે છે, કામણગારો થઈને નાચે છે. ઉષાદર્શનથી ઉન્મત્ત થયેલું ઉડુગણ શરીરનું ભાન ભૂલીને સહજ સમાધિમાં લીન થાય છે.

ગુલાબ, ચંપા, ચમેલી, માલતી ને મોગરાની પાસે ભ્રમરનાં ટોળેટોળાં એકઠાં થાય છે. વહાલભૂખી વલ્લરી વૃક્ષના વિશાળ વક્ષઃસ્થળ પર વીંટળાય છે. સ્નેહનું સનાતન સંગીત ગાતી સરિતા, વનને વીંધતી ને પર્વતને પસાર કરતી, કોણ જાણે કેવા કેવા કોડ લઈને, સિંધુમાં સમાવા જાય છે ! અરે, જડ કહેવાતા પત્થર પણ ધૂળની સાથે એક થઈને પથ પર પડ્યા રહે છે; એ જોઈને કોઈને નવાઈ લાગે છે ખરી ?

તમને જોઈને મારું હૃદય ને રોમેરોમ રાગે રંગાય છે, ઉછાળા મારે છે, એમાં પણ શી નવાઈ છે ? ચંદ્ર ને શુક્રની તારિકા અથવા આભ ને ધરતીની જેમ, આપણો સાથ સનાતન, આપણું આકર્ષણ અમર છે.

(૧૩-૪-૧૯૬૦, બુધવાર)

* * *

## ૪૫. કવિતાની કથા

“પંડિતો રાગદ્વેષ અથવા ઈર્ષાથી ભરેલા છે. શ્રી, સંપત્તિ, સત્તાથી સંપન્ન છે એ અભિમાનમાં ઓતપ્રોત છે, બીજા સામાન્ય માનવો વિવેક ને રસિકતાથી રહિત છે. તેમને તો ઉચ્ચ જીવનની વાત વિશે કહેવું જ શું ? એટલે વાત મનમાં ને મનમાં જ મરી ગઈ.”

એ ભર્તુહરિનાં વચનો આજે પણ એટલાં જ સાચાં છે.

તોપણ, વાતને કહ્યા વિના, અંતરના અનેરા ભાવોને વહાવ્યા વિના, નથી રહી શકતો. એટલા જ માટે કે તમે તો તેને જાણો છો, સમજો છો, તેની કદર કરો છો. અને આ ધરતી ને આસમાન છે ત્યાં સુધી, વિશ્વના વિશાળ વિસ્તારમાં, એવા પણ આત્માઓનો આવિર્ભાવ થયો હશે ને થશે જે એને સમજશે, એમાંથી સંજીવન મેળવશે.

એટલા માટે પણ કવિતામાં આપણી કથા કહ્યા કરું છું: કંટાળ્યા કે કલાંત થયા વિના કહ્યા કરું છું.

(૧૪-૪-૧૯૬૦, ગુરૂવાર)

* * *

## ૪૬. વલ્લરી ને વૃક્ષ

પોતાનો આધાર લઈને આગળ વધનારી વલ્લરીને વૃક્ષે કહેવા માંડ્યું : વલ્લરી, મારા વિના તારું જીવન નિરાધાર છે. હું ના હોઉં તો તું જીવી જ ના શકે. કોઈ તને આશ્રય પણ ના આપે.

વલ્લરીએ કેવળ સ્મિત કર્યું.

એ જ દિવસે સાંજે એક કઠિયારાએ વનના એ વિશાળ વૃક્ષને કાપી નાખ્યું. વૃક્ષ વલ્લરીનો વિરહ ના સહી શક્યું. કપાઈને નીચે પડતાં બોલ્યું, દેવી, મને ખબર નહિ કે મારા જીવનમાં તું આટલી બધી જડાઈ ગઈ છે. તારે લીધે જીવન તો મારે માટે હર્યુંભર્યું હતું જ, કિંતુ તારા વિના મરણ પણ મારક થઈ પડ્યું છે. હું તારો નહિ પણ તું મારો આધાર હતી તેની મને સમજ પડી.

વલ્લરી અનુરાગના એ એકરારથી કંપી ઊઠી.

(૧૫-૪-૧૯૬૦, શુક્રવાર)



* * *

## ૪૭. તમે મને કેટલું બધું આપ્યું છે?

પૂનમની પેલી રસીલી રાતે તમે મારી સામે સ્મિત કરતાં ઊભાં રહ્યાં ત્યારે, તમારા હાથને હાથમાં લઈને મેં કહેવા માંડ્યું, સુસ્મિતે ! તમે મને કેટકેટલું આપ્યું છે? શરીર, મન, હૃદય, રાગથી રંગાયેલું હૃદય, કવિનું કાળજું, સુખ શાંતિ, સમૃદ્ધિ, બધું જ આપ્યું છે, ને હજુ પણ આપતાં જ જાવ છો. પરંતુ હું તો તમને કાંઈ જ આપતો નથી.

"કોણે કહ્યું તમે મને કાંઈ જ નથી આપતા?" તમે તરત જ પોકારી ઊઠ્યાં: "તમે મને કેટલું બધું આપ્યું છે તેની તમને ખબર છે? સંસારમાં સૌ કોઈ મને વિસરવા માંડ્યા છે ત્યારે મને સાચા દિલથી સ્નેહ કરીને સેવીને, તમે કેટલું બધું આપ્યું છે તેની ખબર છે? એના બદલામાં તમને જે કાંઈપણ આપું એ ઓછું છે; અત્યંત અલ્પ છે."

તમારા શબ્દોના પ્રતિઘોષ પાસેના શાંત પર્વતપ્રદેશમાં પડી રહ્યા.

(૧૬-૪-૧૯૬૦, શનિવાર)



* * *

## ૪૮. જીવનમંદિરની પ્રતિમા

સુંદરતાનો સ્નેહ છતાં સાત્ત્વિકતાની સુરક્ષા :
અનુરાગની આરાધના છતાં આસક્તિનો અભાવ :
બલ છતાં દયા; સંપત્તિની સાથે સદ્દુપયોગ :
જ્ઞાન છતાં ઘમંડનું નામનિશાન નહિ :
મહત્ત્વાકાંક્ષા છતાં મહાનતા; મહત્ત્વાકાંક્ષાનો મદ નહિ :
નિષ્ફળતા છતાં નિરાશા નહિ :
દુઃખ તથા દર્દ છતાં તેનો ડર નહિ :

જીવનમંદિરની એવી પાવન પ્રતિમાને મારી
પૂજાના ફૂલ અર્પિત હો, સદાને સારુ સમર્પિત હો !

(૧૭-૪-૧૯૬૦, રવિવાર)



*     *     *

## ૪૯. શ્રેયસ્કર સ્વાતિબિંદુ

સ્વાતિ નક્ષત્રમાં વરસાદી વાદળીનું એક બિંદુ પડ્યું; સાગરને ખોળે ખેલતી માછલીએ એને ઝીલી લીધું. ઝીલીને એ એની અખંડ આરાધનામાં લાગી ગઈ. કહે છે કે કાળે કરીને એનું મોતી થયું; ને માછીમારે એને મેળવી લીધું.

તમારા સ્નેહની સાધારણ વર્ષામાંથી, તમારી આંખના એક જ અમીબિંદુમાંથી, મારું જીવન પણ ઉજ્જવળ થયું છે ને અવનવું બન્યું છે. કહો કે એને એનું મોતી-મહામૂલ્યવાન મોતી મળ્યું છે. એનું બધું જ દુઃખદારિદ્રય દૂર થયું છે.

પણ, આખ્યાયિકાનો અંત કાંઈ એટલેથી જ નથી આવતો. તમે મને તમારું રઢિયાળું રૂપ ધર્યું છે, તમારી સ્નેહસુધાનું દાન કર્યું છે, મારા જરીજેટલા જીવનમાં ક્યારનું સ્વાતિનક્ષત્ર કર્યું છે.

મારા વિશાળ વ્યોમવિતાનની વાદલડી વરસોથી વરસે છે, વારંવાર વરસે છે : એવી અજ્ઞાત આશાથી કે કોઈ એને ઝીલી લે, કોઈ એનો લાભ લઈને જીવનનું કલ્યાણ કરનારું મહામોતી મેળવી લે - કોઈ એને ઝીલી લે !

* * *

## ૫૦. પ્રેમની પ્રતીતિ

હું તારી પ્રતિમા પાસે રાતદિન બેસી રહેતો, ને તારી આગળ મારા ઉમળકાભરેલા અનુરાગી અંતરને ઠાલવતો. મને થતું કે હું જ તારી પાછળ મુગ્ધ થઈને એમ શ્વાસ લેતો.

પરંતુ એક દિવસ, સાગરના પેલા વિશાળ તટ પર, શરદની સમીરલહરીની વચ્ચે, મને તારો મેળાપ થઈ ગયો. મેં શું જોયું? તારા અંતરમાં આંખને એકાગ્ર કરીને તું મારી મૂર્તિનું, મારી મનહર સ્નેહમયી છબીનું ગાન, ધ્યાન, પાન કરતો હતો ! હું તો રાખતો જ હતો પણ તુંયે મારી છબી તારી આંખ આગળ, તારા હૃદયમાં રાખતો હતો !

મારા મનમાં એમ હતું કે હું જ તને ચાહતો, ભજતો, તારી કામના કરતો હતો. પણ તે દિવસે તારો રહસ્યપડદો તૂટી ગયો. મારી ભ્રમણાનો પરપોટો ફૂટી ગયો.

* * *

## ૪૫. પી લે

પીનારા જેમ ખાલી પ્યાલીને ભરી દે છે તેમ, મારા જીવનની પ્યાલીને તારી સુધાથી ભરી દે, કૃપાથી મઢી દે, તારાં અમીમય અધરે જડી દે.

વાંસળીને વહાલથી વાગતી કરીને ઉસ્તાદ કુદરતને કામણ કરે છે, ભાવથી ભરે છે. મારી વાંસળીને પણ વહાલથી ભરી દે, વગાડી લે; જડ ને ચેતનને એના અમીરસથી ભરી દે !

મારું સર્વકાંઈ તારું જ છે. સર્વસ્વનું દાન કરીને હું તારી પાસે આવી બેઠો છું. આપણા પ્રેમની પરમપવિત્ર પતિતપાવની પરબમાંથી પાણીની પ્યાલી પર પ્યાલી ભરી દે - મને પા ને તું પી લે. સાંજનો સમય શરૂ થાય, પંખી પોતાના માળાને માર્ગે પાછાં જાય, દેવમંદિરના ઘંટ વાગે ને મૃદંગ ગાજી ઊઠે, તે પહેલાં પી લે !

* * *

## પર. ટમકતા તારા

અંધારા આકાશમાં તાલબદ્ધ રીતે ટમકતા તારા કોણ છે, ક્યાંથી આવે છે, તમે જાણો છો ?

કહે છે કે સંસારને સુખમય જોવાની ઈચ્છાવાળા મહાપુરૂષો જ્યારે શરીર છોડીને વિદાય થાય છે ત્યારે, સંસાર પ્રત્યેના અસીમ સ્નેહથી ખેંચાઈને, એ અવકાશમાં આસીન થાય છે. ત્યાં રહ્યે રહ્યે પોતાની પૃથ્વીની પરિસ્થિતિનું દર્શન કરે છે. કોઈવાર એમનામાંનો એકાદ ખરી પડે છે, આ દુનિયામાં દેહ પણ ધારણ કરે છે.

અંધારા આકાશમાં તાલબદ્ધ રીતે ટમકતા તારા કોણ છે, ક્યાંથી આવે છે, તમે જાણો છો ?

કહે છે કે ઈશ્વરની એ અનંત આંખ છે. પોતાની આંખે એ અવનીનું અવલોકન કરે છે, અવનીને આહ્લાદ, આભા, અમીરસનો અભિષેક ધરે છે.

કોઈ કહે છે કે સૂરજના વિરહથી વ્યગ્ર કે વ્યાકુળ થયેલો દિવસ પોતે જ રાત બને છે, અને અનંત આંસુ સારે છે.

કોઈ કહે છે એ શાસ્ત્રોનું સંગ્રહસ્થાન, પ્રેરણાનું પ્રભવમંદિર છે. કવિઓની કવિતા એને જ આધારે મોટી થાય છે; અનેકને માટે આશીર્વાદરૂપ થાય છે. સ્વર્ગની સુંદર અપ્સરા રોજ રાતે પોતાના ઉપવનનાં ચૂંટેલાં ફૂલોને લાવીને ત્યાં વેરે છે. એ જ ફૂલના દીવા થાય છે.

અંધારા આકાશમાં તાલબદ્ધ રીતે ટમકતા તારા કોણ છે, ક્યાંથી આવે છે, તમે જાણો છો ?

(૧૮-૪-૧૯૬૦, સોમવાર)

* * *

## ૫૩. પ્રસ્વેદ ને પ્રેરણા

એક સુપ્રસિદ્ધ સાહિત્યરસિકે શરદની શીતળ સવારે સરિતાતટે બેઠેલા લેખકની મુલાકાત લીધી. લેખક ધંધાદારી ઢબે લખતો હતો તેને તેણે પૂછ્યું : 'તમારા સાહિત્યમાં પ્રેરણાનો ભાગ કેટલો ને પરિશ્રમ કેટલો ?'

લેખકે કહ્યું, કયી પ્રેરણા? પ્રેરણાને હું નથી માનતો. પ્રેરણાની વાતો બનાવટી ને નકામી છે. હું તો એટલું જ જાણું કે સાહિત્યના સર્જનમાં નવ્વાણુ ટકા પ્રસ્વેદ અને એક ટકો પ્રેરણા, જો હોય તો, હોય છે.

વસંતની તાજી વાયુલહરી વનમાં વિહરી રહી'તી એવી એક બીજી સવારે, એ જ સરિતાતટે, એને કોઈક કવિ કે ફિલસૂફનો મેળાપ થયો. એ જ પ્રશ્નના ઉત્તરમાં એણે કહેવા માંડ્યું : ભાઈ, બીજાની તો મને ખબર નથી, પણ મારા સાહિત્યસર્જન પાછળ તો મોટો હિસ્સો પ્રેરણાનો ને બહુ જ થોડો પ્રસ્વેદનો હોય છે. બાકી તો તને જે ઠીક લાગે તે તું સમજી લે.

સાહિત્યરસિકને બંને વાર્તાલાપોમાંથી અસાધારણ ને સાધારણ સાહિત્યના રહસ્યનો ઉકેલ મળી ગયો. એનો સંશય ટળી ગયો.

(૨૦-૪-૧૯૬૦, બુધવાર)

* * *

## ૫૪. કવિતાદેવીનો સ્વયંવર

પ્રમત્ત પવનની પીઠ પર પ્રવાસ કરતો હોઉં એમ, જોતજોતામાં તો હું એક શહેરમાં જઈ ચઢ્યો. કોઈની મારફત માહિતી મળી કે ત્યાં, તે દિવસે કવિતાદેવીનો સ્વયંવર હતો.

ફૂલોની ફોરમથી, ફોરમવંતા મંડપમાં હું પહોંચી ગયો ત્યારે, ત્યાં કેટલાય કવિવરો બેઠા હતા. કવિતાદેવી સૌની પાસેથી પસાર થતી હતી. તેને વરવાની સૌ કોઈની કામના હતી. પણ એ તો આગળ જ વધ્યે જતી હતી.

મેઘધનુ જેવી સુશોભિત સપ્તરંગી હતી એની સાડી. માધુર્યના મંડપ જેવું મુખ. અમૃતના આગાર જેવી આંખ. શરીરમાંથી સંગીતની સૂરાવલિ છૂટતી; ફૂલની ફોરમ ફૂટતી.

કવિ બધા પ્રખ્યાત હતા. કોઈનામાં ઉપમા અલંકારની ખૂબી હતી, તો કોઈની અંદર હતું ભાષા પરનું પરમ એવું પ્રભુત્વ. કોઈ મનાતું હતું કલ્પનાની કળામાં કુશળ.

સૌને પસાર કરતી દેવી મારી પાસે આવી પહોંચી. મારા શરીરમાં વીજળી દોડી. મેં કહ્યું, સુંદરી, મારી પાસે નથી ઉપમા, અલંકાર, છંદ કે શબ્દની સાધના. છે ફક્ત અનુભવવાની કળા કે લાગણી. જેનું પ્રદર્શન હું નથી કરી શકું તેમ. હું તારી શી સેવા કરી શકીશ?

હું એની જ શોધમાં છું, મારા સ્વામી, હું તારી પ્રિયતમા થઈશ. મારે જોઈએ છે દિલ, લાગણી, પ્રીતિ. તારી સાથે એક થઈને હું પોતે તો બડભાગી બનીશ જ, પણ સમસ્ત સંસારને સંજીવન ધરીશ.

એણે મને વરમાળા ધરી. એ જ વખતે મારી તંદ્રા પૂરી થઈ.

(૨૨-૪-૧૯૬૦, શુક્રવાર)

* * *

## ૫૫. જીવનને પ્રેમ કરું છું

આ જીવનને હું પ્રેમ કરું છું. પરિપૂર્ણપણે પ્રેમ કરું છું.

કેટલાક એવા છે જે એની સાથે છૂટાછેડા લે છે. એને બધી જ બુરાઈનું મૂળ માનીને નિંદે છે, તિરસ્કારે છે. મારાથી એમ નથી બની શકે તેમ. હું તો તેને ચાહું છું : તેની બધી જ ખૂબી, તેનાં બધાં જ રહસ્યમય રૂપો, તેની લાક્ષણિકતાની સાથે તેને પ્રેમ કરું છું.

આ જીવનને હું પ્રેમ કરું છું. એની આગળ સ્વર્ગ કે વૈકુંઠને પણ ક્ષુલ્લક ગણું છું.

માટે જ એને ઉત્તમોત્તમ બનાવવા, સુશોભિત કરવા, સૌરભથી સુવાસિત કરી દેવા, મહેનત કરું છું. ને કહું છું કે મહીમંડળના મહાન પ્રતિનિધિઓ, આવો, જીવનને ને જગતને મધુમય ને મહિમાવંતું બનાવવા માટેની મહેનત કરવા આવો !



(૨૩-૪-૧૯૬૦, શનિવાર)

* * *

## ૫૬. દેહધારણનું પ્રયોજન

મારી નાનીમોટી બધી જ પ્રવૃત્તિનું પરમ ધ્યેય એકમાત્ર તમારી પ્રસન્નતા ને સેવા છે. એ માટે જ મારા શ્વાસોશ્વાસ છે. મારા જીવનનું એકમાત્ર લક્ષ્ય તમારી સેવા, પૂજા, પ્રસન્નતા છે.

મારું હલનચલન, પરિભ્રમણ, લેખન, કવન, બધું એ માટે જ થયા કરે છે. એ માટે જ મારી જાગૃતિ છે; એ માટે જ છે મારી નિદ્રા તથા તંદ્રા.

તમારી પ્રસન્નતા ને પૂજાથી અધિક મારે મન કશું જ નથી. એ માટે જ છે મારું દેહધારણ.

* * *

## ૫૭. પૂજારી ને પ્રભુ

પ્રભુને પ્રાર્થના કરતાં એક પૂજારીએ કહેવા માંડ્યું : 'નાથ, આ જગતના ક્લેશથી કંટાળી ગયો છું. દુઃખ, દીનતા ને દરિદ્રતા, હરખ ને શોક, જ્યાં ના હોય ત્યાં જ મને જન્માવ્યો હોત તો ઘણું સારૂં. હવે તો કૃપા કરીને ત્યાં જ - એવા જગતમાં જ લઈ જાવ.'

પ્રભુએ ઉત્તર આપ્યો, 'ભાઈ, જ્યાં જગત છે ત્યાં વિરોધી વાતાવરણ ને એ બધું જ છે માટે તારે જીવવું જ હોય તો એવું જગત તો હમણાં ક્યાંય નથી, ને થવાની સંભાવના પણ નથી. જ્યાં છે ત્યાં રહીને જીવવાની કળા જ જાણી લે.'

પૂજારીનું સ્વપ્ન પૂરું થયું ને એની આંખ ઊઘડી ગઈ.

(૨૫-૪-૧૯૬૦, સોમવાર)



* * *

## ૫૮. ધરતી માતા છે

એક આચાર્યે પોતાના બે શિષ્યોને મૃત્યુ વખતે અંતિમ ઉપદેશ આપ્યો કે ધરતી માતા છે, એ વાતને નિરંતર યાદ રાખજો, એમ માનીને વર્તન કરજો.

આચાર્ય તો પછી શરીર છોડીને ચાલતા થયા.

એમના અવસાન પછી એક શિષ્યે ધરતીને માતા માનીને રોજ વંદન કરવાનું વ્રત લીધું; બીજાએ ધરતી પરનું પોતાનું જીવન ઉજ્જવળ ને ઉત્તમ થાય, એ રીતે ધરતીને માટે પોતે આશીર્વાદરૂપ નહિ તો અભિશાપરૂપ તો ના જ થાય તે માટે તકેદારી રાખી.

(૨૬-૪-૧૯૬૦, મંગળવાર)



* * *

## ૫૯. ફૂલની ઈચ્છા

શહેરના સરોવરતટ પરના એકાંત ઉપવનમાં બે ફૂલ પરસ્પર વાતો કરી રહ્યાં હતાં.

એક બોલ્યું, ભાઈ, માળી હમણાં આવશે ને આપણને ચૂંટી લેશે. પછી વેચવા પણ લઈ જશે. આજે તો કોઈક રાજપુરૂષની પાસે પહોંચું તો સારું એવી ઈચ્છા છે કે પછી દેવમંદિરમાં, સંતના શરણમાં, કોઈ કમનીય કન્યાની કબરીમાં કે નૃત્યાંગનાના કંઠમાં શોભું તોપણ સારું.

બીજું ફૂલ બોલી ઊઠ્યું, મારે તો બીજે ક્યાંય નથી જવું. છતાં જો જવાનું જ હોય તો બીજાના દુઃખે દુઃખી થતા ને બીજાનું દુઃખ દૂર કરવા માટે મહેનત કરતા કોઈ મહાપુરૂષની પાસે પહોંચું એટલી જ કામના છે; જેથી એના સુખદ સમાગમથી હું પણ સાર્થક થઈ રહું ને શાંતિનો શ્વાસ લઉં !

(૨૭-૪-૧૯૬૦, બુધવાર)



* * *

## ૬૦. અમર રહો

ડુંગરની બે લીલીછમ ટેકરીની વચ્ચેથી નદી નીકળે તેમ, તમારા વહાલનું વહેણ મારા અંતરની અંદર વહ્યા કરે છે. ગમે ત્યાં જઉં ને ગમે તે કરું, મધુરી વીણા વાગતી હોય તેમ, એનો મનમોહક મીઠો સ્વર છૂટ્યા જ કરે છે.

આ જ છે મારા સુખ, આનંદ, મારી શાંતિ તથા મુક્તિનું રહસ્ય : આ જ છે એની ગુરૂકૂંચી : આંખ, અંતર અને અંગેઅંગમાં તમારો અનુરાગ. એનો આવિર્ભાવ ક્યાંથી, કેવી રીતે, ક્યારથી થયો તેની ખબર નથી; પણ એ થયો છે અત્યંત આહ્લાદક અને આશીર્વાદરૂપ એમાં શંકા નથી.

તમે ને તમારે માટેનો એ અનુરાગ મારા જીવનમાં, અંતરમાં, અણુએ અણુમાં અમર રહો : આજના પર્વદિવસે એટલું જ ઈચ્છું છું.

(૨૯-૪-૧૯૬૦, શુક્રવાર)



* * *

## ૬૧. કહી બતાવશો ?

તમારા સિવાય મારા મારા જીવનમાં બીજું છે જ શું એ જરા કહી બતાવશો ? વૈશાખી પૂનમનો ચંદ્ર વ્યોમના વિશાળ પટ પર એકલો જ પ્રકાશે છે; આસપાસની અવનીમાં અમીવર્ષણ કરનારી આ રાતરાણી પણ એકલી જ છે. તેમ તમે ને તમારા સ્નેહની સુધા સિવાય મારા જરી જેટલા જીવનમાં બીજું કશું જ નથી - કશાનું અસ્તિત્વ નથી. છતાં પણ હોય તો જરા બોલી બતાવશો ?

સરિતાના સુંદર સ્વર્ગીય સંગમની પેઠે એક થયેલાં આપણાં અંતર એમના આલાપમાં ઓતપ્રોત થઈને આગળ ને આગળ વહ્યા કરે છે. એમાંથી જ જીવન બને છે. એ જીવન વિના મારી પાસે બીજું શું છે, કયું જીવન છે, તે કહી બતાવશો ?

(૩૦-૪-૧૯૬૦, શનિવાર)



* * *

## ૬૨. કૃપા કરીને એવું કરો

કૃપા કરીને એવું કરો કે હવે યુદ્ધ ના થાય. એકે બાળક માતાપિતા વિનાનું, એકે સ્ત્રી પતિ વિનાની ના થાય. ધરતીના કોમળ કાળજા પર એટમ ને હાઈડ્રોજન જેવા બૉમ્બના પ્રયોગ ના થાય : કોઈની કતલ, કોઈનો સંહાર ના થાય : કુસુમ કરતાંયે કોમળ, માયાળુ, નિર્દોષ માનવોનો નાશ ના થાય. કૃપા કરીને એવું કરો કે હવે યુદ્ધ ના થાય.

સંપત્તિ ને શક્તિનો દુર્વ્યય ના થાય; એકમેક સામે મોરચાયે ના મંડાય. દાનવ બનેલો માનવ એથી આગળ ના જાય. અરે, યુદ્ધે તો કોઈનુંયે કલ્યાણ કર્યું છે ? જ્યાં એ જાગે છે ત્યાંના સૌનો સત્યાનાશ કરે છે. યુદ્ધના એ દાનવનું દફન થાય, સમસ્ત સંસારમાં શાંતિ, સંપ, સહકાર, સેવાભાવનો વિજય થાય : સૌની સ્વતંત્રતાની સુરક્ષા થાય : કૃપા કરીને એવું કરો કે હવે યુદ્ધ ના થાય.

એ માટે માનવના મનને મધુમય કરો. માનવના મનમાં નીતિ, ન્યાય, સ્વતંત્રતાની પ્રીતિ ભરો. માનવને સાચા અર્થમાં માનવ કરો; દિવ્યતાથી ભરો. એવા સંસારની રચનામાં, જ્યાં હો ત્યાંથી, તમારો ફાળો ધરો.

કૃપા કરીને એવું કરો કે હવે યુદ્ધ ના થાય.

(૧-૫-૧૯૬૦, રવિવાર)

* * *

## ૬૩. સહવાસનું સુખ

તમારો સહવાસ કેટલો બધો અનેરો, અજબ, આહ્લાદક, જાદુભરેલો, ચમત્કારિક છે તે તમે જાણો છો ? ના. તમને તેની શી ખબર ? સાકરને તેના સ્વાદની, મધને મીઠાશની, વસંતને વરણાગીપણાની, ચંદ્રને ચારુતાની ને કોકિલને પોતાના કૂજનની કલાત્મકતાની કાંઈ ખબર છે ખરી ?

એ સહવાસમાં હું બીજું બધું જ ભૂલી જઉં છું. ચિંતા, વેદના, દુઃખ, દર્દ સઘળું વિસરીને સમાધિના સહજ સુખનો સ્વાદ લઉં છું. તમારા મુખમંડળના મધુનું ધરાઈ ધરાઈને પાન કરું છું. તમારાં સુધામય સ્વરનું સંગીત માણું છું. મને થાય છે કે મારા જેવો ને જેટલો ધની, ધન્ય આ ધરતી પર બીજો કોઈ જ નથી.

તમારા સ્નેહસંબંધને હું એક મહાન ગૌરવ ગણું છું; તમારા સહવાસનું સુખ સાંપડવા બદલ મારી જાતને ખરેખર બડભાગી માનું છું.



(૨-૫-૧૯૯૦, સોમવાર)

* * *

## ૬૪. જીવન હો તો

વસંતની લલિત લહરી ચારેકોર ફરી રહી હતી ત્યારે દૂર દેશના એ જિજ્ઞાસુ પ્રવાસી મારી પાસે આવી પહોંચ્યા ને મને પૂછવા માંડ્યા : પ્રભુ, જરા સમજાવશો, કહી બતાવશો, જીવન હો તો કેવું હો ?

મેં તેમને જરા ધીરજ ધરવા કહ્યું.

થોડીવારે પ્રતીચીના પડદા પાછળથી સૂર્યોદય થયો; એનાં કોમળ કિરણ બધે કેલિ કરતાં ફરી રહ્યાં; મારા મકાનની સમીપના સરોવરનાં કોટિ કમલો ખીલી ઊઠ્યાં. ભમરાઓએ એનો ઉત્સવ કર્યો, ને પંખી એ જોઈને પોકારી ઊઠ્યાં.

મધમાખી, ફોરમવંતાં ફૂલ પર ફરતાં મધુનો સંચય કરવાના કામમાં લાગી ગઈ.

રાત પડી ત્યારે સમસ્ત સૃષ્ટિ સૂઈ ગઈ પણ સુધાકરની સાધના ચાલુ જ રહી. અંધકારમાં પણ અજવાળું ભરતી એની આરાધના ચાલુ જ રહી.

કુદરતની કળા તરફ અંગુલિનિર્દેશ કરીને એમને મેં કહ્યું: જીવન હો તો આવું જ હો, જિજ્ઞાસુ પ્રવાસી, જીવન હો તો ખરેખર આવું જ હો !

(૩-૫-૧૯૬૦, મંગળવાર)

* * *

## ૬૫. કોઈ છે ખરું

સુંદર સરિતાના તટ પર એક ઉપવન હતું. એમાં રંગબેરંગી ફોરમવંતાં ફૂલો ખીલેલાં; ઘટાવાળાં વૃક્ષો ઊભેલાં. મુસાફરો એ ઉપવનની મુલાકાત લેતા, અને વૃક્ષો, પુષ્પો ને સવારસાંજ ઊડતા ફુવારાનો લહાવો લેતાં પ્રસન્ન થતા, આનંદ કરતા, શાંતિ મેળવતા.

એ જ ઉપવનમાં થોડે છેટે એક સૂકું વૃક્ષ હતું. તપથી કૃશ શરીરવાળા એ વૃક્ષની તરફ કોઈ નેહાળ નજરે ના નાખતું. કોઈ એને જોઈને આનંદે ના પામતું. પરંતુ એક કવિ ને કવિપત્ની એનો જ આધાર લેતાં : એની જ પાસે, એને અઢેલીને બેસતાં, વાતે વળગતાં, કવિતા કરતાં.

એમને મેં એનું કારણ પૂછ્યું તો એમણે સસ્મિત કહેવા માંડ્યું : પ્યારા પ્રવાસી, સારાનાં સગાં તો સૌ કોઈ થાય છે, પણ આવા રસકસ વિનાના, રૂપરંગરહિતને, નેહની નજરે નીરખીએ ત્યારે જ ખરું. એકાકી અને અનાથને પડખે ઊભા રહેવાનો અમારો સ્વભાવ આ સંબંધી પણ અમે નથી છોડી શકતાં. આ પર્ણહીન વૃક્ષ અમને વહાલું છે; એની દ્વારા અમને કેટલીય કવિતાઓ મળ્યા કરે છે.

એટલીવારમાં તો પંખીનું એક ટોળું આવી પહોંચ્યું, અને એ વૃક્ષ પર વિશ્રામ કરતાં ગીત ગાવા માંડ્યું.

મને થયું કે એકાકી, અનાથ, અપંગનું પણ કોઈ છે ખરું : હું પણ એને મારી અંજલિ ધરું !

* * *

## ૬૬. સહજ હો

કાંટાની વચ્ચે કિલ્લોલ કરતા ગુલાબની જેમ વિપત્તિ ને વેદનાની વચ્ચે પણ કિલ્લોલ કરી શકું, સ્વયં સુવાસિત બનીને બીજાને સુવાસ ધરવાનું કામ કરું, એ મારે માટે સહજ હો !

અંતરના ઘાને અંતરમાં જ ગુપ્ત રાખી શકું, પીડાના પારાવાર પડે તોપણ શાંતિથી સહન કરું; આ તીખા તાપમાં શ્વાસ લઈને બીજાને છાયા ધરનારા વૃક્ષરાજની જેમ, ઘડી બે ઘડી પણ કોઈનો દિલાસો બનું, કોઈને છાયા ધરું, એ મારે સારુ છેક સ્વાભાવિક હો !

મુશ્કેલી ને મંથનથી ચલાયમાન થયા વિના, સાધનાના સુધામય ક્ષેત્રે આગળ ને આગળ ગતિ કરું; આ સરળતાથી સરી જતી સરિતાની જેમ, કોઈની આંખે અમી ભરું, કોઈને પ્રેરણા ધરું, કોઈક પ્યાસી પથિકની પ્યાસ હરું, એ મારે સારુ સહજ હો !

અંધકારના અનંત આવરણમાં પણ પ્રકાશનો પુંજ પાથરતા પેલા સુધાકર અને આ કોડિયાની જેમ, સ્વયં જ્યોતિર્મય બનીને કોઈની જ્યોતિ બનું, એ મારે સારુ છેક સ્વાભાવિક હો !

(૬-૫-૧૯૬૦, શુક્રવાર)

* * *

## ૬૭. કવિહૃદયની કવિતા

મારા મકાનના એકાંત ઓરડામાં એક નાનો દીપક હતો. હતો નાનો પણ ચારેકોર પ્રકાશ પાથરતો. આખાયે આવાસને માટે આશીર્વાદરૂપ એ દીપક ખરેખર કીમતી હતો..

પરંતુ થોડીવારમાં તો તેનું તેલ ખૂટ્યું, ને એની જ્યોતિ જરા ઝાંખી પડી ગઈ.

મારા સ્નેહીજને આવીને તેમાં તરત તેલ પૂરી દીધું. હા, દીપકની જ્યોતિ માટે તેલ ચાલુ રાખવું જોઈએ.

સેવાનો સનાતન દીપક પણ જ્યારે ઝાંખો થાય ત્યારે તેમાં તમારું પવિત્ર પ્રેરણાતેલ નાખી દેજો, પ્યારા પ્રભુ ! સેવાનો સનાતન દીપક પણ જગતમાં જ્યારે મંદ પડે. મારું જીવન ભલે એ માટે જલ્યા કરે !

એ જોઈને મારા કવિહૃદયે કવિતા કરી.



(૭-૫-૧૯૬૦, શનિવાર)

* * *

## ૬૮. પીયૂષનો પ્યાલો

કોણે પેદા કર્યો છે આ પીયૂષનો પ્યાલો ? એનો ઘાટ ઘણો સુંદર છે અને આસ્વાદ પણ અત્યંત અજબ. કહે છે કે એની લહેજત લેનાર અમૃતમય બની જાય છે : હાથે પકડી ને હોઠે લગાડીને મેં એનો આસ્વાદ લેવાનો આરંભ કર્યો છે.

પરંતુ એમાં એકલું અમૃત નથી. પાર વિનાના પીયૂષની વચ્ચે વિષનાં બિંદુ પણ ભળેલાં છે. કેટલીકવાર કાળજાને કંપાવી, કોરીને, બધીયે મજાને મારી મૂકે છે.

એ વિષનાં બિંદુ કોણે પાડ્યાં છે તે તો કોને ખબર, પણ છે અત્યંત આશીર્વાદરૂપ. પ્યાલાના પ્રલોભનમાં પડતા ને પ્યાલામાં બંધાઈને ભાન ભૂલતા માનવને તે બચાવે છે, અલિપ્ત રાખે છે.

અત્યંત અજબ અને આકર્ષક છે આ પીયૂષપ્યાલો !

(૮-૫-૧૯૬૦, રવિવાર)



* * *

## ૬૯. સંતોષ

મારા જીવનમાં મે બીજું શું કર્યું છે ? કલ્પના કરતો અને અનુભવતો થયો, લાગણી ને બુદ્ધિને વર્યો ત્યારથી, તમારી કવિતા કરીકરીને તમારે ચરણે ધરતો રહ્યો છું. દેવમંદિરના પૂજારી જેમ માળાને તૈયાર કરે છે, તમારે માટેની માળા તૈયાર કરવામાં ને તમને અર્પણ કરવામાં, તેમ મેં મારું જીવન પસાર કર્યું છે.

મારા જીવનમાં એકમાત્ર તમારી સેવા, પૂજા, પ્રસન્નતા સિવાય મેં બીજું શું કર્યું છે ? આગળથી, પાછળથી, ઉપરથી, નીચેથી, બધી બાજુથી, મારા હૈયાને હલાવી નાખીને જેટલી રીતે ભરી શકાય એટલી બધી રીતે મારા પ્રાણની પ્રેમપ્યાલી મેં તમારે માટે ભર્યા કરી છે; મારી સિતારીને સુમધુર સ્વરે સુશોભિત કરી છે.

મને સંતોષ છે કે જે સર્વોત્તમ સમય મને મળ્યો તેને મેં તમને સર્વપ્રકારે સંતોષ થાય એ પ્રમાણે જ પૂરો કર્યો છે.

(૯-૫-૧૯૬૦, સોમવાર)



* * *

## ૭૦. લહાવો

શોષણ, સ્વાર્થ, અન્યાય, અત્યાચાર, યુદ્ધથી જરાજીર્ણ થયેલી, અશાંત બનેલી અવનીને આવો, આપણે એકઠા થઈએ, પરિશ્રમ કરીએ, ને શાંત તથા સુખી કરીએ; વિષની વેદનાવાળી અંધારી અવનીને અજવાળીને અમૃતમય કરીએ.

હાથમાં હાથ મિલાવીશું તો બધું જ થઈ શકશે; કશું જ બાકી નહિ રહે. અંદર અંદરના મતભેદ, ક્લેશ, કુસંપને કાઢી નાખીને આવો, ધરતીને સમૃદ્ધ કરીએ, આનંદપૂર્વક જીવવાનો લહાવો લઈએ. મહીના મંગલ માટે આવો, સંપ, સહકાર, શ્રમ, માનવતાના મહાધર્મનો લહાવો લઈએ.

(૧૦-૫-૧૯૬૦)

* * *

## ૭૧. અપાર આનંદ

જીવનની મહાયાત્રામાં, તને ભૂલું નહિ, એવી પ્રાર્થના મારે કરવાની નથી. તું મારા શ્વાસોશ્વાસમાં સાકાર થયો છે; મારા રોજિંદા જીવનના તાણાવાણામાં વણાઈ ગયો છે.

સૃષ્ટિની સોનેરી સફરમાં, એકલો હોઉં ત્યારે ને વસતીની વચ્ચે, તું મારું જતન કરે, એવી વિનંતિ મારે કરવાની નથી. તારો હેતાળ હાથ મારા પર સદાને સારુ ફેલાયેલો છે : તારી કૃપાનો પ્રકાશ પળેપળે, પદેપદે રેલાયેલો છે.

તને ભૂલી જવાની ભીતિ નથી. તારું નિરંતર નામસ્મરણ કરવાની ચિંતા નથી. પ્રાણની સિતારી સાથે તારો પ્રાણ એવો એકાકાર થયો છે કે એમાંથી એકતાનું સનાતન સંગીત છૂટ્યા જ કરે છે. એના આલાપો આકાશપાતાળમાં છૂટ્યા જ કરે છે.

આવી જ એકતાનતાને માટે મારી સાધના હતી, પ્રાર્થના હતી. તે ફળી છે તેથી આનંદ થાય છે, અપાર આનંદ થાય છે.

* * *

## ૭૨. પુનર્જન્મની નિશ્ચિતતા

એ બધા કહે છે કે સંસારમાં સઘળે તું જ છે; વિવિધ વેશ ધારણ કરીને ત્રિભુવનમાં જુદી જુદી જાતના અભિનય પણ તું જ કરી રહ્યો છે. જ્યાં જઈએ, રહીએ, શ્વાસ લઈએ, ત્યાં તારું જ સનાતન સંગીત સંભળાયા કરે છે. આકાશ ને પાતાળ, તારા ને ચંદ્ર, સાગર ને સરિતા, પંખી ને પુષ્પ તથા વલ્લરી ને વૃક્ષ, સૌની અંદર તારા સનાતન સંગીતના પ્રતિધ્વનિ પડ્યા કરે છે.

તોપણ જન્મને એ બધી બદીનું મૂળ માને છે, મરણથી ડરે છે.

મારી આંખ તો તારા દર્શનથી દૈવી થઈ છે. એટલે મને હવે ફરી જન્મવાનો મોહ નથી ને ભયે નથી. જીવનની પળેપળ મારે માટે ઉત્સવરૂપ બની છે, બને છે, ને કાયમ માટે બન્યા કરશે. તારા વિરાટ વિશ્વનાટકમાં કામ લાગવા, એક અભિનેતા તરીકે, જન્મ માટેનું જેટલી વાર આમંત્રણ આપ્યું છે, એટલી વાર મેં વધાવ્યું છે. હજીયે, લેશ પણ ચિંતા કે ફફડાટ વિના વધાવીશ. ફક્ત એટલા માટે કે જ્યાં હું હોઈશ ત્યાં તું પણ હોઈશ - મને ખાતરી છે કે તું મારી સાથે જ હોઈશ.

(૧૩-૫-૧૯૬૦, શુક્રવાર)



* * *

## ૭૩. કવિનું આસન

કવિ થવાની કામના મારા જીવનના ઉષઃકાળમાં ક્યારેય ન હતી. મારે તો ફક્ત પ્રેમી થવું હતું, અનુભવી બનવું હતું, તમારા કૃપાપાત્ર થઈને સમસ્ત જીવનને કવિતામય કરવું હતું.

તમારા સ્નેહ ને સાન્નિધ્યની જ મારી ઈચ્છા હતી; તેની સાથે સાથે તમારી સૃષ્ટિની સેવાની.

એટલા માટે જ, પ્રભાતના પ્રથમ પ્રહરમાં, કલકલ કરતાં ઝરણ જેમ સરિતા ને સાગરને રસ્તે ચાલ્યાં જાય છે, તેમ હું તમને મળવા, તમારી સાથે સંવાદ સાધવા તૈયાર થયેલો. પ્રભાતનાં પેલાં પંખીની પેઠે જીવનમાં જાગતાંવેંત જ, મારો માળો મૂકીને, હું તમારે માટે વિહારે નીકળેલો.

એ વાતને તો વરસો વીતી ગયાં. તમે મને તમારો કર્યો પણ ખરો. સાથેસાથે તમારી વિશેષ કૃપાથી કવિ પણ કરી દીધો. તમે જ જ્યારે મને કવિનું આસન અર્પણ કર્યું તો મેં એને અપનાવી લીધું.

અને એવું બીજું કેટલુંય અપનાવ્યું છે, અપનાવીશ. ફક્ત એકજ ઈચ્છાથી કે એથી પણ હું તમારી સેવા કરી શકીશ; તમારી સૃષ્ટિને તમારા સ્નેહ ને મહિમાના સૂરીલા સ્વરથી ભરી દઈશ.

* * *

## ૭૪. કસોટીની પળો

સુખના સમયમાં મિત્રો મારી આજુબાજુ ટોળે વળે છે. દુઃખના દિવસોમાં તેમનામાંના કોઈક વિરલ જ ઊભા રહે છે.

સંપત્તિના સમયમાં પ્રશંસકો પૂજારી બનીને મારી પ્રશસ્તિ કરે છે, મારા પોતાના જ હોય એવો દેખાવ કરે છે. વિપત્તિના વખતમાં એમનામાંના મોટા ભાગનો દેખાવ પોકળ કે મિથ્યા ઠરે છે.

સ્વાર્થની સિદ્ધિ સારુ, સ્વાર્થ ઘવાતો ના હોય ત્યાં સુધી, સ્નેહીજનો મારી આસપાસ મધમાખીની પેઠે ફરી વળે છે. સ્વાર્થ પૂરો થતાં ને સ્વાર્થની કસોટી થતાં, લગભગ બધાંજ મને છેલ્લી સલામ કરીને ચાલી નીકળે છે.

પરંતુ મને એથી નુકસાન નથી થતું. દુઃખ, વિપત્તિ, પ્રતિકૂળતા તેમની કસોટી કરે છે; મને વધારે ને વધારે સાવચેત ને શુદ્ધ કરી સદ્‌બુદ્ધિ ધરે છે.



(૧૫-૫-૧૯૬૦, રવિવાર)

* * *

## ૭૫. કુદરતની કથા

પ્રભાત પૂરું થાય તે પહેલાં માળી ફૂલવાડીનાં ફૂલને વીણી લે છે. એ જ સાચો સમય હોય છે - ફૂલને વીણી લેવાનો; પછી કોઈ કરમાઈ જાય કે કોઈનાથી વીણાઈ જાય. એ ફૂલ ફોરમ ફેલાવીને કહ્યા કરે છે કે કોઈ અમને લઈ લો; બડભાગી બની લો.

નદીનું નીર બીજાને ખપ લાગતું આગળ ને આગળ વહ્યે જ જાય છે. કોઈક કાનવાળાને કહ્યા કરે છે કે સાગરમાં સમાઈ જઉં ને મીઠારૂપે મટી જઉં ત્યાં સુધીમાં જેવો કરવો હોય તેવો મારો સદુપયોગ કરો; મારો આસ્વાદ લો.

વરસાદ પોતાને જે સુઅવસર સાંપડ્યો છે તેનો લાભ લઈને ધરતીને રસકસથી ભરી દેવા એના પર ઢળી પડે છે.

સૂર્યનો પ્રકાશ વહેલી સવારથી જ સેવાની સફર શરૂ કરે છે. પરબનું પાણી પ્યાસા પથિકની પ્રતીક્ષા કરવામાં, તેમની પાસે પહોંચવામાં આનંદ અનુભવે છે.

વસંત પૂરબહારમાં ખીલીને સૃષ્ટિને સુશોભિત બનાવે છે. એ પણ જાણે છે કે સેવા, સ્નેહ, આરાધનાનો આવો અવસર અવારનવાર નથી આવતો. એ વ્યર્થ ના વહી જાય એ માટે પાનખર પહેલાં એ પોતાનું કામ પૂરું કરે છે.

જીવનનું ને જીવનની વસંતનું પણ એવું જ છે. એ છે ત્યાં સુધી સંપૂર્ણપણે સેવા કરી લે, પૂજા કરી લે, આહ્લાદ દઈ ને લઈ લે. એ બધાં જ એમ કહ્યા કરે છે; જે સાંભળે છે તેમને કહ્યા કરે છે.

(૧૬-૫-૧૯૬૦, સોમવાર)

* * *

## ૭૬. અજબ માનવ

પશ્ચિમના સમુદ્રતટ પરના શહેરમાં મને એક અજબ માનવની મુલાકાત થઈ.

લોકોએ એને માન આપ્યું, માળા પહેરાવી, એની પ્રશંસા કરી, તો એણે કહ્યું, 'હે પ્રભુ, આ તારું જ સન્માન છે. માન આપનારમાં તું જ છે.'

પછી થોડે દિવસે, કેટલાક બીજા લોકોએ એનું અપમાન કર્યું, એની બદનામી ને નિંદા કરી, તોપણ એણે સ્મિત સાથે કહેવા માંડ્યું, 'પ્યારા પ્રિયતમ, આ લોકોમાં પણ તારો જ વાસ છે. એમના મુખમાં તારા જ મધુર મુખનો આભાસ છે.'

પશ્ચિમના પ્રખ્યાત શહેરમાં મને એવો અજબ માનવ મળ્યો. કહે છે કે એનો કોઈ શિષ્ય ન હતો. એને કોઈ શિષ્ય ના મળ્યો.

(૧૭-૫-૧૯૬૦)



* * *

## ૭૭. આરાધકને

'માળાને બાજુએ મૂકી દે, સેવાપૂજાને છોડી દે, આરાધનાનો આડંબર અળગો કરી દે, પ્યારા પૂજારી, અંદરબહાર, ઉપર ને નીચે આગ સળગે છે ત્યારે માળાને બાજુએ મૂકી દે. હાથમાં પાણીનાં પાત્રોને લઈને, આગને ઓલવવાના મહાકાર્યમાં ભાગ લે.'

'પર્વતીય પ્રદેશની નીરવ ગુફામાં, પલાંઠી વાળીને ધ્યાનમાં શું બેઠો છે ? પુષ્પોના ઢગલા કરીને ને પ્રસાદની પરંપરા રચીને, અનેક પ્રકારના આલાપ દ્વારા તારા પ્રિયતમને પ્રસન્ન કરવાની ફિકરમાં શા માટે પડ્યો છે ? અનેક અશાંત છે, પીડામાં પ્રજળી, અંધારામાં અટવાઈ રહ્યાં છે ત્યારે, એમનો માર્ગદર્શક થવા, એમને પ્રકાશ ને શાંતિ દેવા ધીખતી ધરા પર આવી પહોંચ. એમને આરામ આપવાના મહાકાર્યમાં ભાગ લે.'

એવું એવું કહીને તારી આરાધના અને સાધનાને અન્યાય નહિ કરું; તને સમજવાની ભૂલમાં નહિ પડું. મારા શબ્દો તને અસર કરતા હોય તો આવ, સેવાના મહાકાર્યમાં શામિલ થા. અથવા તો તારી આરાધનામાં અંતરને ઓતપ્રોત કરીને એવું અમૃત મેળવી લે જેથી સંસારમાં શાંતિ થાય, વિષને ઠેકાણે અમૃત થાય. એવી દૃષ્ટિ, વાણી, શક્તિ કેળવી લે. બાકી જડની જેમ તો ના જ જીવી રે.

(૧૮-૫-૧૯૬૦, બુધવાર)

* * *

## ૭૮. તફાવત

બીજા અનેક કવિઓની સાથે તમારા રાજદરબારમાં એક તરફ મારુંયે આસન છે. તમે મને તમારો રાજકવિ કર્યો છે.

બીજા કવિ દરબારની ભભક ને દરબારના ઐશ્વર્યથી અંજાઈ ગયા છે; ભાતભાતની કવિતા કરવાની હરિફાઈમાં ઊતરી પડ્યા છે. કવિતામાં તમારા દરબારની શ્રી, સુંદરતા, સમૃદ્ધિ અને સરસતાના પડઘા પાડ્યા કરે છે. ચારેકોર ચકિત થઈને ચંચળની જેમ જુએ છે. તમારા ભવ્ય ભંડારની છેક સાધારણ જેવી વસ્તુઓને એમણે એમના આલાપનું ઉગમસ્થાન કરી દીધું છે.

હું તો તમારા તરફ જ તાકી રહ્યો છું. તમારા રાજદરબારના ઐશ્વર્ય અને રંગમાં પણ તમારી જ ઝાંખી કરું છું. કવિતા પણ તમારી જ કરું છું. તમને જ મારા મનની મનહર માળા અર્પણ કરું છું.

મારામાં અને એમનામાં એટલો જ તફાવત છે.

(૧૯-૫-૧૯૬૦, ગુરૂવાર)

* * *

## ૭૯. કવિતાની વિશેષતા

મારા મહાકવિ ! તારી વિરાટ વિશ્વકવિતાની બરાબરી મારી કરોડો કવિતાયે નથી કરી શકે તેમ.

કેટલી કોમળ છતાં કરાળ, કાલાતીત, કલાત્મક છે તારી કવિતા ! જડ ને ચેતનમાં એના પ્રતિધ્વનિ પડી રહ્યા છે. કાળ એની અમરતાનો અંત નથી આણી શકે એમ. જે જે અસુંદર અને સુંદર, મંગલ અને અમંગલ, પ્રકટ કે અપ્રકટ છે, તે બધું જ તારી કળાની કમનીય કૃતિરૂપ છે. મારી કૃતિ એની બરાબરી નથી કરી શકે તેમ.

એનો આસ્વાદ લઈને મોટામોટા મુનિવરો પણ મુગ્ધ બને છે. પંડિત ને વૈરાગી પણ રાગી થઈને એના રસમાં રંગાય છે. સાધારણ લોકોનું તો કહેવું જ શું ?

મારા મંગલમય મહાકવિ ! તારી વિરાટ વિશ્વકવિતાની બરાબરી કરોડો કવિની કવિતાયે નથી કરી શકે તેમ.

તોપણ, મારી સાધારણ કવિતાથી તું મુગ્ધ બને છે, મોહિત થાય છે, ને ભાવવિભોર બનીને મારે માટે તારું સર્વકાંઈ વારી જાય છે, એ આશ્ચર્ય નથી શું ? તારી કવિતામાં જે તને મળતું તે મારી કવિતામાં મળી રહે છે. એ જ મારી કવિતાની વિશેષતા, સિદ્ધિ, સાર્થકતા છે.

(૨૦-૫-૧૯૬૦, શુક્રવાર)

* * *

## ૮૦. ખબર નથી

ઉત્તરરામચરિતના વાચન પછી વિદ્વાનોમાંના કેટલાક માને છે કે કાલિદાસ કરતાં ભવભૂતિ એમાં આગળ વધી જાય છે. કવિ તરીકે ભવભૂતિનું આસન અનેરું ઊંચું લાગે છે.

મારી કવિતાને માણ્યા પછી પણ, કેટલાક કહે છે કે તમારી વિરાટ વિશ્વકવિતા કરતાં મારી કવિતા વધારે રસાળ છે, અને એ રીતે કવિ તરીકે તમારા કરતાં મારું આસન ઊંચું છે.

પણ એમને શી ખબર કે મારી અનેકાનેક કવિતા તમારી જ છે; હું પોતે પણ તમારી કવિતાકળાના નમૂનારૂપ જ છું.

મારી પાસે તમારાથી અલગ એવું કશું છે જ નહિ. વાંસળી તમારી, વાંસનું વન પણ તમારું, વગાડનાર તમે, આ વિશ્વવિમોહન વાદન પણ તમારું ને તમારું જ છે. તેની તેમને ખબર નથી.

(૨૧-૫-૧૯૬૦, શનિવાર)



* * *

## ૮૧. લાચાર છું

જીવનના રસાળ રંગમંચ પર, મારે ફાળે આવેલો અભિનય કરતાં, ડગલે ને પગલે મારા આત્માને વફાદાર રહું છું ને રાજી રાખું છું. સૌ કોઈને નથી રીઝવી શકતો તેને માટે લાચાર છું.

વિરોધનાં વાદળ ઉમટે છે, વિપત્તિની વર્ષા વરસે છે. મિત્રો, સ્નેહીજનો, જેમને પોતાનાં માનીને માયા કરેલી તે બધાં જ એક કે બીજા કારણે છોડી જાય છે. પ્રશંસા કરનારા તથા પીઠ પંપાળનારા પ્રતિકૂળ થઈને નિંદા કરે છે, કાદવ ઉછાળે છે. તોપણ, લીધેલો માર્ગ નથી છોડી શકતો, ડરી જઈને પીછેહઠ પણ નથી કરતો, તેને માટે લાચાર છું.

સુખસાહ્યબી, સત્તાસંપત્તિ, સુંદરતાથી અંજાઈને, એ સૌની લાલસાથી, જાતને વેચી, મારા સિદ્ધાંતોને મેલી નથી શકતો. વિવેકને નેવે મૂકીને, આંખ, કાન, અંતરના બારણાને બંધ કરીને, બીજાની હામાં હા નથી કરતો, તેને માટે લાચાર છું.

સ્વાર્થ ઘવાતો હોય તોપણ કોઈનું દુઃખ દેખીને દ્રવ્યા વિના, તેને મદદ કર્યા વિના નથી રહી શકતો. કોઈ અપમાન કરે, બૂરું બોલે, ને કોઈ નિંદે, તિરસ્કારે કે દુશ્મનાવટથી જુએ, તોપણ કોઈને દુશ્મન કરી કે કહી નથી શકતો. તેને માટે લાચાર છું.

છેલ્લે છેલ્લે, તમને ગમે કે ના ગમે, કોઈને પસંદ પડે કે ના પડે, પણ કવિ થઈને કવિતા કર્યા વિના નથી રહી શકતો, અનુરાગની અંજલિ તમને આપ્યા વિના નથી રહી શકતો, તે માટે પણ લાચાર જ છું.

(૨૨-૫-૧૯૬૦, રવિવાર)

* * *

## ૮૨. સ્નેહ ને સેવા

પર્વતીય પ્રદેશમાંથી પસાર થતા ઝરણામાં પંખી પાંખ ફફડાવીને નાહવા પડેલાં. પાણીમાં ચાંચને મારીને એ કેલિ કરતાં, પાણી પીતાં, કિલ્લોલ કરતાં.

એક પંખી બોલી ઊઠ્યું, 'પ્યારા ઝરણ, અમારી ચાંચ ને પાંખની પીડા તને નથી થતી ? અમારા આટલા બધા તોફાન સામે તું આટલું બધું શાંત ને સંવાદી બનીને કેવી રીતે વહ્યા કરે છે ?'

ઝરણે જવાબ દીધો, 'મારા અંતરમાં જે સનાતન સ્નેહનો અખૂટ ભંડાર છે એનું જ એ પરિણામ છે. એ સ્નેહને મેં કેવળ તમારી નહિ, સમસ્ત સંસારની સેવા સારુ વહેતો મૂક્યો છે. યુગોથી હું આમ જ વહ્યા કરું છું. જેના ઉદરમાંથી મારો ઉગમ થયો છે તે પ્રચંડ પર્વત પાસેથી જ મને સેવાનો મંત્ર વારસામાં મળ્યો છે.'

એટલીવારમાં તો પાસે વૃક્ષની શીતળ છાયામાં બેઠેલું બાળક માતાની ચીમટીથી રોઈ ઊઠ્યું. સ્તનપાન કરતાં તેણે માતાને બટકું ભરેલું.



પંખી એ સાંભળીને શાંત થઈ ગયાં.

(૨૩-૫-૧૯૬૦, સોમવાર)

* * *

## ૮૩. શિશુ ને સંત

મંદમંદ મીઠો વાયુ વાતો હતો ત્યારે પર્વત પાછળથી શરદપૂનમના ચંદ્રમાનો ઉદય થયો. આકાશ અને ગ્રહનક્ષત્રમાં બધે જ એથી અવનવો આનંદ ફરી વળ્યો....અમૃતનો અભિષેક થયો.

ધરતીનું હૈયું એ જોઈને સળવળી ઊઠ્યું. એણે પ્રાર્થના કરી, 'મારા પ્રભુ, મને પણ આનંદ આપે, મારા અંતરમાં, અણુઅણુમાં અમી રેલે, એવું કાંઈક મારા પટ પર પણ પ્રકટાવો....જેથી મારું જીવન અનેરું બને !'

તે દિવસથી કહે છે કે પૃથ્વી પર બે પદાર્થો પ્રકટ થયા. એક તો શિશુ ને બીજા સંત.

બંનેને જોઈને આભ અને ધરતી હિલોળે ચઢ્યાં.

(૨૪-૫-૧૯૬૦, મંગળવાર)

* * *

## ૮૪. મંદિરના ઘંટ

મંદિરના ઘંટ વાગે છે ને મારા હૃદયની વીણા વાગી ઊઠે છે. એમાં જાતજાતની રાગરાગિણી જાગી ઊઠે છે. મંદિરના ઘંટ વાગે છે ને મારી હૃદયવીણા વાગી ઊઠે છે.

મંદિરને મંગલમય કરવા, એની અંદરના દેવતાને સજાવવા તથા રાજી કરવા પૂજારી ને પ્રેમી કેટકેટલા પ્રયાસ કરે છે ! એને માટે કેટકેટલા ધન ને વૈભવને વેરે છે ! પણ આ દેવમંદિરથીયે વધારે મહિમાવાળું માનવમંદિર સૂનું છે. એમાં નથી ધૂપ કે નથી દીપ. નથી પ્રસાદ કે નથી ગીત. આ મંદિરમાં પણ દેવતા છે, સૌને સહજ એવા દૈવી દેવતા છે. પરંતુ એની આગળ છે ધૂળ, મેલ, લાંબા વખતનાં અત્યંત ગાઢ એવાં આવરણ. એ મંદિરમાં નથી સુખ કે નથી શાંતિ. એની સ્થિરતાનો નાશ થયો છે, એના ઉત્સવોનો અંત આવ્યો છે.

અરે, કોઈ પ્રેમી ને પૂજારી આવો, આ મંદિરનો જીર્ણોદ્ધાર, આ દેવતાનો પુનરુદ્ધાર કરો ! એના ગૌરવનાં ગીત કરો, એને પ્રસાદ તથા આરતી ધરો ! એ રીતે સમસ્ત સંસારના મંદિરને મંગલમય કરો, સુગંધે ભરો !

મંદિરના ઘંટ વાગે છે ને મારા હૃદયની વીણા વાગી ઊઠે છે. એમાં આવી અનેકાનેક રાગરાગિણી જાગી ઊઠે છે.

મંદિરના ઘંટ વાગે છે ને મારી હૃદયવીણા વાગી ઊઠે છે.

* * *

## ૮૫. સાધના ને સેવા

અંધારા ઘરમાં પ્રકાશ પાથરતો દીવો કેટલી બધી શાંતિ સાથે પ્રકાશે છે ! પોતાને ફાળે આવેલું કામ એ પ્રામાણિકપણે કર્યે જાય છે.

ઉપવનનાં પુષ્પો પણ, કોઈપણ જાતની જાહેરાત વિના, ઉપવનને સૌરભથી ભરી દે છે, ઉપવનની શોભાને વધારી, બીજાને પણ આનંદ આપે છે.

સૂર્ય ને ચંદ્ર તથા સાગર, સરિતા ને સ્રોત પોતાને ફાળે આવેલાં કામ સ્વાભાવિક રીતે જ કર્યે જાય છે.

એવી સહજ રીતે જ તમને અનુરાગની અંજલિ આપવાનું કામ કર્યે જઉં, તેને માટે કોઈ પ્રકારની પ્રશંસા કે પ્રચારની ઈચ્છા ના રાખું, એટલું જ માગી લઉં છું.

મારે માટે નક્કી કરેલા કર્તવ્યના પાલનમાં જ મારી કૃતાર્થતા હોય: કર્તવ્યના પાલનમાં જ મારી સાધના કે સેવા જે કહો તે સર્વેનો સમાવેશ થઈ જાય.

(૨૭-૫-૧૯૬૦, શુક્રવાર)

* * *

## ૮૬. નવી વાત

શ્રાવણની સમીસાંજે પંખી પોતાના માળાની મુલાકાત લેવા વિદાય થઈ રહ્યાં હતાં, વ્યોમના વિતાન પર ચંદ્ર ને શુક્રતારિકા શોભી રહ્યાં હતાં, ત્યારે મારી મુલાકાત લઈને તે મને પૂછવા માંડ્યા, 'તમારી જન્મભૂમિ કયી છે, તમારાં માતાપિતા કોણ છે, તમારે કોની સાથે લોહીનો સંબંધ છે ?'

મેં તેમને શાંતિથી ઉત્તર આપ્યો, 'આ વિશાળ જગત મારી જન્મભૂમિ છે. પ્રકૃતિ મારી માતા, પરમ પુરૂષ પરમાત્મા મારા પિતા. મારા જ નહિ, સૌનાયે એ માતાપિતા છે. જીવમાત્રની જન્મભૂમિ જગત છે. તેથી, મનુષ્ય જ નહિ પણ જીવમાત્રની સાથે મારો લોહીનો સંબંધ છે. સંસારમાં જડ કે ચેતન જે કાંઈ દેખાય અથવા અનુભવાય છે, તેમની સાથે મારી સ્નેહની સગાઈ છે.'

તેમણે કહ્યું, 'તમારી વાત તો નવી લાગે છે. અમારાં પુસ્તકો અને અમારા પંડિતોએ એ નથી શીખવી.'

એ વિચારમગ્ન બનીને વિદાય થયા.

(૨૬-૫-૧૯૬૦, ગુરૂવાર)



* * *

## ૮૭. યશનો અધિકાર

સૂર્યના એક જ કિરણસ્પર્શથી ખીલી ઊઠેલાં કમલદલ જેમ અલૌકિક આનંદનો અનુભવ કરે છે ને ધરે છે, તેમ તમારા એક જ કૃપાકટાક્ષે મારા કાળજાને કામણ કર્યું છે. જીવનમાં જાદુ ભર્યું છે, આનંદની અનેરી સૃષ્ટિનું સર્જન કર્યું છે.

સામે ઊભેલી પર્વતમાળા પહેલાં આવી લીલીછમ ક્યાં હતી ? પહેલાં તો ભયંકર લાગતી. પંખી પણ ત્યાં જઈને કિલ્લોલ કરતાં ગભરાતાં. પરંતુ પછી વરસાદની ઋતુ આવી અને એની કાયાપલટ થઈ ગઈ. હવે તો એ લીલીછમ બની ગઈ છે. પંખી એમાં કિલ્લોલ કરે છે, સુમન સુવાસ રેલે છે, સરળ શિશુ જેવાં ઝરણ એની સોડમાંથી સફર કરતાં, સુમધુર સંગીત ધરતાં, નીકળી પડે છે !

મારાં અંતરનું પણ એવું જ છે. એની સૂકી ધરતી તમારી સ્નેહસુધાના સીંચનથી લીલી થઈ છે, સુવાસિત બની છે, એમાંથી જાતજાતની રાગરાગિણી નીકળી રહી છે.

તમે મારી વર્ષા છો, વસંત છો; મારે માટે સૂરજ છો, એથીયે વિશેષ છો. જીવનમાં જે કાંઈ શુભ ને સુંદર, સરસ ને શોભાસ્પદ, શ્રીયુક્ત ને સનાતન છે, તે તમારે લીધે જ છે. તેનો યશ એક તમને ને તમને જ ઘટે છે.

(૨૮-૫-૧૯૬૦, શનિવાર)

* * *

## ૮૮. કવિતાની આરાધના

વનની વિજન વાટમાં, જ્યાં ઉનાળાનો તાપ માઝા મૂકતાં તપતો ત્યાં, એ માયાળુ મુસાફરે એક લીમડાનું ઝાડ રોપ્યું.

થોડા વખતમાં લીમડો ભારે ઘટાદાર બની ગયો. માર્ગે જતા મુસાફરો એની શીતળ છાયામાં વિશ્રાંતિ કરવા લાગ્યા; કોઈએ એની નીચે પરબ બેસાડી; પંખીએ એમાં માળા બાંધ્યા. વિજન વન ને વનના એ વડલામાં આનંદનો ઉત્સવ થઈ રહ્યો. માર્ગની શોભા તો વધી જ, પણ માનવ ને પશુના કલ્યાણનું એક કલ્યાણકારક કામ પણ થઈ ગયું.

પેલા વૃદ્ધ વનવાસી પાસેથી એ વાત સાંભળી છે ત્યારથી કવિતાની મારી આરાધના અનેકગણી વધી ગઈ છે, પ્રબળ થઈ છે.

(૨૯-૫-૧૯૬૦, રવિવાર)



* * *

## ૮૯. અશક્તિનો એકરાર

જીવનમાં દુઃખ ને દર્દ આવે ત્યારે તેને દૂર કરવા માટે પ્રાર્થના ના કરું, પણ એટલું જ કહું કે તેને સહન કરવાની શક્તિ આપો, એવી વાણી કલ્પના કે કવિતામાં ભલે સારી લાગે, પ્રેમના પાવન પ્રદેશમાં બરાબર નથી લાગતી.

'સહન કરવાની શક્તિ આપો' એવી પ્રાર્થનામાં પણ અહંકાર છે. જ્યાં સુધી અહંકારનો અંશ પણ હોય ત્યાં સુધી પૂર્ણતાનો પ્રવાસ પૂરો નથી થતો. ત્યાં સુધી તમે દુઃખ, દર્દ, વિપત્તિના વરસાદ વરસાવ્યા કરો છો; એથી મૃદુલ બનેલી અંતરની ધરતી પૂર્ણપણે પોકારી ઊઠે છે કે પ્રભુ, મારામાં કોઈ પ્રકારની શક્તિ નથી. હું સર્વપણે તમારી જ છું, તેથી તમે મારું સર્વપ્રકારે રક્ષણ કરો !

માટે જ મારી અશક્તિનો તમારી આગળ અવારનવાર એકરાર કરું છું. કહું છું કે મારી અંદર સહન કરવાની કે બીજી કોઈપણ શક્તિ નથી. હું તો તમારો સાધારણ બળ વિનાનો બાળક છું, ને મારી સર્વપણે સંભાળ રાખવાની તમારી ફરજ છે, મારા પ્રભુ !

(૩૦-૫-૧૯૬૦, સોમવાર)



* * *

## ૯૦. મારી પ્રાર્થના

મારા નાના ને મોટા બધી જાતના અહંકારનો અંત આણો, મારો રહ્યોસહ્યો ઘમંડ ને દંભ દૂર કરો, તમારા મંગલ મહિમાવંતા મુખ આગળ મારું મસ્તક નેહ ને નમ્રતાથી, માર્દવ ને મધુતાથી મંડિત થઈને નમી રહો: એજ મારી પ્રાર્થના છે.

આ અવનીમાં હું કદી એકલતાનો અનુભવ ના કરું :  મને એમ ના લાગે કે હું એકલો છું. તમારા સનાતન, સુધાસભર, સાન્નિધ્યનો સ્વાદ લેતાં, સાથીદારો ને સ્નેહીજનો છોડી જાય તોપણ, હિંમતપૂર્વક અભય સાથે આગળ વધું, તમારી ઈચ્છાનુસાર ડગલાં ભરું; એ જ મારી પ્રાર્થના છે.

મારી બધી જાતની જડતાને જલાવી દો : મારી રહીસહી નબળાઈ ને કાયરતાને ફગાવી દો : ઉપર ને નીચે, અંદર ને બહારથી, મારો ઘાટ તમને ગમે ને તમારું હૈયું ઠરે એવો ઘડી દો; એજ મારી પ્રાર્થના છે.

(૧-૬-૧૯૬૦, બુધવાર)



* * *

## ૯૧. પરબ જેવું જીવન

પાવકની પેઠે પ્રજ્વલિત પથ પર, વડલાની વિશાળ શીળી છાયામાં, પરબ બેઠી છે. મ્લાન મુખવાળા, મૂંઝાતા મુસાફરો ત્યાં આવે છે, ઘડી બે ઘડી શાંતિનો શ્વાસ લે છે, સુધાસમા સ્વાદુ સલિલથી પોતાની પ્યાસ શમાવીને વિદાય થાય છે.

કોઈકોઈ માર્ગભૂલેલા મુસાફરો પણ ત્યાં આશા સાથે એકઠા થાય છે, પરબવાળીને સાચો પથ પૂછે છે, ને ઉત્સાહપૂર્વક આગળ વધે છે.

પંખી પણ એક બાજુ અલગ રાખેલા પાણીમાં ચાંચ નાખીને, પાંખ મારીને, કિલ્લોલ કરે છે.

ચાર રસ્તા પર પરબ બેઠી છે એ એમ અનેકને માટે અનેક રીતે આશીર્વાદરૂપ થાય છે.

ત્યાં બેઠેલા કો'ક કવિએ કહ્યું, 'જીવનને પરબ જેવું જ કરી શકાય તો? કેટલો આનંદ આવે, એ કેટકેટલાને માટે આશીર્વાદરૂપ બને ?'

મને તેની વાત સંપૂર્ણ સાચી લાગી.

ખરેખર, પાવકની પેઠે પ્રજ્વલિત પથ પરની પરબ જેવું જ છે જીવન.

(૩૧-૫-૧૯૬૦, મંગળવાર)

* * *

## ૯૨. અનાદિ આરાધના

ઉષા ને સંધ્યા અભૂતપૂર્વ એવા ઉત્સાહે ઉભરાતું ઉર લઈને રોજરોજ હાજર થાય છે; આકાશના અંબર પર તમારી આરાધનાની રંગોળી પૂરી જાય છે.

સૂર્ય, ચંદ્ર તારાગણ તમારી સેવાપૂજામાંથી પાછું વાળીને જોતા નથી. તમારે ખાતર તપતાં તેમને ત્રાસ નથી, થાક નથી, કંટાળોયે નથી આવતો.

વરસાદ ને વસંત, વૃક્ષ, વેલ, ફળ ને ફૂલ અને આ ધીરજપૂર્વક ધારણા ધારીને યુગોથી બેઠેલી ધરિત્રી, તમારી પ્રસન્નતા માટે પોતાનું સર્વકાંઈ સમર્પિત કરે છે.

નદ, નદી, ને નિર્ઝર, તમારી આરાધનામાં અંતરને ઓતપ્રોત કરી, સંવાદી સ્વરે વહ્યા કરે છે; પર્વતો લીલાછમ બનીને ન જાણે કેટલા બધા કાળથી તમારું ધ્યાન ધરે છે !

પશુપંખી ને પ્રાણી, જડ ને ચેતન જગતની બધી જ પ્રવૃત્તિ જાણ્યે અજાણ્યે એક તમારે જ માટે ને તમારી જ દિશામાં થયા કરે છે.

મારું જીવન પણ એમાં અપવાદરૂપ કેવી રીતે હોઈ શકે ? એ પણ તમારી આરાધનામાં ઓતપ્રોત બને છે; અંતરના અનુરાગનો અક્ષરદેહમાં આવિર્ભાવ કરી, તમારે ચરણે ધર્યા કરે છે.

અવનીની અનાદિ આરાધનામાં એ પણ એનો ફાળો ધરે છે.

(૨-૬-૧૯૬૦, ગુરૂવાર)

* * *

## ૯૩. ઉકળાટ ને તાપ

ઉકળાટનો પાર નથી. ચારેકોર, જ્યાં જુઓ ત્યાં, તાપ જ તાપ. બધે દાવાનલ સળગી રહ્યો હોય એવો દેખાવ થઈ રહ્યો છે. બધાં બળુબળુ થઈ રહ્યાં છે. માનવ, પશુ ને પંખી તો ઠીક, નદી, નાળાં ને ઝાડ પણ બળીને કલ્પાંત કરી રહ્યાં છે.

ત્યાં તો, જેઠના એ બળતા બપોરે, એકાએક અંધારપટ પથરાયો. વાદળ ઉમટી પડ્યાં. ચપલાના ચમકાર ને વાદળના ગંભીર ગગડાટ થયા. થોડીવારમાં તો મૂશળધાર વરસાદ વરસી રહ્યો.

જીવનમાં પણ ઉકળાટ ઊઠે ને તપે તેનો વાંધો નથી...જો એને અંતે આવો સિદ્ધિ, શાંતિ, સુખનો વહાલ ભરેલો વરસાદ વરસતો હોય તો !

અંતર એ બધું નિહાળીને નેહમાં નાહવા ને ગાવા લાગ્યું.

(૩-૬-૧૯૬૦, શુક્રવાર)



* * *

## ૯૪. અનહદ નાદ

દસ પ્રકારના નાદના નશામાં મસ્ત બનવા માટે કોઈ કોઈ યોગી એકાંતમાં બેસે છે ને ષણ્મુખી મુદ્રાનો અભ્યાસ કરે છે; તો કોઈ અનવરત રીતે અંદરથી આવિર્ભાવ પામનારા અનહદ નાદનું શ્રવણ કરે છે.

તને પણ એ નાદના શ્રવણની લાલસા છે એમાં કાંઈ ખોટું નથી. પણ યોગી, જીવનના મંગલ માટે બીજી જાતના નાદનો પણ નશો લગાડ.

પ્યારા પ્રભુના સ્મરણમનનમાં રાતદિવસ ડૂબી જા. તારી આંખ આગળ ને તારા અંતરમાં એના જ સુમધુર સ્વરૂપને કાયમ રાખ. એના વિના બીજું કાંઈ જો નહિ, અનુભવ નહિ, સાંભળ નહિ, સ્મર નહિ. અંતરના અંતરતમમાંથી એમ કહે કે હે પ્રભુ, તારી જ ઈચ્છાનો મારા જીવનમાં અમલ થશે : તારો જ સંકલ્પ, તારી શક્તિ સર્વોપરિ થશે, મારી નહિ.

એવું જીવન પેલા મહોદધિને મળતી સરિતાસમું સુંદર, સરળ, સ્વચ્છ, સ્વાદુ બનશે; મંગલ થશે. તારું તન, મન, સર્વકાંઈ સંગીતનાં પેલાં વિવિધ વાજિંત્રોની જેમ સંવાદ સાધીને તાલબદ્ધ રીતે વાગી ઊઠશે. એમાંથી જે અનહદ નાદ નીકળશે તે તારા જીવનને કૃતાર્થ કરશે; મહામૂલી મસ્તી ને શાંતિ ધરશે.

(૪-૬-૧૯૬૦, શનિવાર)

* * *

## ૯૫. પ્રકાશે ભરી દો

વિપત્તિનાં વાદળ વેરાય છે ને પાછાં પેદા થાય છે. અશાંતિનાં આવરણ આવે છે ને પાછાં જાય છે. ધરતી ને ગગનમાં ગેબી ગગડાટ થતા જાય છે ને શાંત થાય છે. એવા વિરોધાભાસી વાતાવરણથી પીડાઈ રહી છે આ પૃથ્વી. અંગારામાંથી ક્યારે અનલ, અનલમાંથી ભડકો થશે તેની ખબર નથી. માનવજાતિ એક મોટા મંથનમાંથી, સંક્રમણકાળમાંથી, પસાર થઈ રહી છે.

ઘર્ષણ થાય, લડાઈ થાય, જાનમાલની મોટી હાનિ થાય; ઘડી બે ઘડી માટે અન્યાય, અત્યાચાર, અનર્થ, અશાંતિ ફાવી જાય; ન્યાય, નીતિ, સત્યનું શોષણ થાય; તો પણ મને શ્રદ્ધા છે, ને હું જોઈ શકું છું, કે અંતિમ વિજય અસત્યનો નહિ પણ સત્યનો, કુસંપનો નહિ પણ સંપનો ને આસુરી નહિ પણ દૈવી સંપત્તિનો જ થશે. સંસારમાં શાંતિ થશે, સુખાકારી થશે, સંસ્કૃત માનવને છાજે એ રીતે સૌ શ્વાસ લેશે. સંસારની આજની કૂચ એ તરફ જ છે.

એ કૂચમાં શકવર્તી કામ કરવું હશે, સંસારમાં શાંતિ, સુખાકારી અથવા આધ્યાત્મિકતાનો યુગ ફરી સ્થાપિત કરવો હશે, તો શક્તિ વિના નહિ ચાલે, મારા પ્રભુ ! તમારા જેવી કે જેટલી શક્તિ વિના નહિ ચાલે. એ માટે જ મારી માગણી છે - મહીમંડળના મંગલને માટે.

તો હવે ગગનમાં ચંદ્રનો ઉદય ને ઘરમાં દીપકની જ્યોતિ થાય છે, તેમ મારી જ્યોતિને જગાવી દો, મારા તન, મન, અંતરને તમારા પરમ પ્રકાશે સજાવી દો !

(૫-૬-૧૯૬૦, રવિવાર)

* * *

## ૯૬. તેની તને ખબર છે?

લોકો તને મોટો કહે છે ને માન આપે છે. પણ જ્યાં સુધી તેં તારી જાતને જાણી નથી, અથવા તો આત્માને નથી ઓળખ્યો, ત્યાં સુધી તું નાનામાં નાનો છે; તેની ખબર છે ?

લોકો તને પંડિત, પ્રતિષ્ઠિત, નેતા માને છે, તારી આજુબાજુ એકઠા થાય છે. પણ જે કામ કરવા તું આવ્યો છે તે કામ તેં નથી કર્યું. તું આડવાતમાં ઊતરી ગયો છે, મૂળ માર્ગ ભૂલ્યો છે; તેની તને ખબર છે ?

શ્રી ને સંપત્તિની છોળો તારી આસપાસ ઊડતી હોય, તને કોઈ પ્રકારની લૌકિક તકલીફ ના હોય, તો પણ શું ? સમસ્ત સંસાર તને મોટો માને છે; પણ તેં જીવન ને જગતના રહસ્યને નથી જાણ્યું, પ્રિયતમના મેળાપ દ્વારા મળતું મુક્તિનું મહાસુખ નથી માણ્યું, ત્યાં સુધી તું નાનામાં નાનો છે, તેની તને ખબર છે ?

(૬-૬-૧૯૬૦, સોમવાર)

* * *

## ૯૭. વિજ્ઞપ્તિ

તારલિયા જેમ અનંત અને અનંત છે ઊછળતા ઊર્મિમય ઉદધિનાં જલતરંગ : વસંતના રંગ અનેક, અને અપાર છે માનવમનના મનોરથ પ્રવાહો: આપણો અનુરાગ પણ એમ અનંત છે. વરસાદની અનંત એવી ધારાની જેમ, સરસતાની સહસ્ત્રો સિતારીને છેડતાં, આકાશ ને પાતાળને પ્રાણવાન કરતાં, ફર્યા કરે છે.

એનો ભંડાર ખાલી થાય તેમ નથી. એનો ખજાનો નથી ખૂટે તેમ. તમારી અનંતતા અમર અને અખંડ છે, તેમ તેની પણ અમર, અખંડ જ રહેવાની; કેમકે તે તમારો છે.

એ ભલે અનંત રહે અથવા અમર બને, પરંતુ તમને ને તમારી પૃથ્વીને પ્રસન્ન કરે, તમારું ને તમારા જગતનું જીવન બને, એટલી જ વિજ્ઞપ્તિ છે. મૂક કે જડ જીવનને એ ભલે સંગીતમય કરે, સૌરભથી ભરે, સંજીવન ધરે.

(૭-૬-૧૯૬૦, મંગળવાર)



* * *

## ૯૮. પૂજારીને

શા માટે ફૂલ ને નૈવેદ્યની તૈયારી કરે છે પૂજારી ? શા માટે પ્રાર્થના, પૂજા, આરતીનો આડંબર ? શંખના નાદ, મૃદંગના ગગડાટ, શરણાઈના સૂર, દીપકમાળાનાં નૂર, કોને માટે છે ? કયા દેવને માટે છે આ બધી આરાધના ?

તારી પોતાની અંદર દેવ બેઠો છે તેને તો જરીક જો ! તેના તરફ તો નેહથી નીતરતી નજર કરી જો ! તારી આજુબાજુ ફરતાં, તારી કૃપાદૃષ્ટિની કામના કરતાં, અસંખ્ય માનવોના મંદિરમાં પણ જરા ડોકિયું તો કરી લે ! એમાં વિરાજેલા દેવોના યે દેવ તારી આરાધનાથી અતીત છે.

મહીમંડલને મંગલ કરનારા માનવમંદિરનો પૂજારી થા. આવ, એ મંદિરને સુંદર, સ્વચ્છ, સુશોભિત કરીએ, એને ચરણે સ્નેહનું સનાતન સંગીત ધરીએ. દૂરના દેવની સેવાપૂજામાં પાસેના દેવની વિસ્મૃતિ ના થવા દઈએ, અવજ્ઞા ના કરીએ.

(૮-૬-૧૯૬૦, બુધવાર)



* * *

## ૯૯. પ્રેમની નવી દૃષ્ટિ

માનવના પ્રાણમાંથી પ્રકટ થતા, વિવિધરૂપે રજૂ થતા પ્રેમના ભાવો મિથ્યા છે એમ હું નથી માનતો. કેવી રીતે માનું ? સંસારમાં કશું જ મિથ્યા ને માટે જ ઓછું માનપાત્ર નથી.

આ ભાવો ક્યાંથી આવે છે ? દિલની અંદર વિરાજેલા દેવની એ મૂંગી ભાષા છે. એ જ્યારે વાત કરે છે, પોતાનો પરિચય ધરે છે, એકતાની આરાધના કરે છે, ત્યારે એ ભાવો આપોઆપ જ આવિર્ભાવ પામે છે.

એ રીતે એમનું અવલોકન કર તો એમાં કશું જ નીરસ નહિ લાગે; કશું જ મિથ્યા જેવું નહિ લાગે.

એ ભાવનાથી એમનો આધાર લે ને સત્કાર કર તો એ તારે માટે કલ્યાણની કેડી થઈ જશે: તને નવી, વધારે સુંદર દૃષ્ટિની પ્રાપ્તિ થશે: પ્રેમ તારે માટે પ્રભુતાની પગદંડી બનશે.

(૯-૬-૧૯૬૦, ગુરૂવાર)



* * *

## ૧૦૦. ભલે ઉપયોગ કરી લે

કેટલીક કલાત્મક, કોમળ, કમનીય કલ્યાણકારક છે તારી કવિતા ! વિરાટ વિશ્વના રૂપમાં જે તારી કાવ્યાત્મક કૃતિ, અથવા તો તત્ત્વવેત્તાઓ કહે છે તેમ, તારા અંતરની આકૃતિ અથવા આવૃત્તિ રજૂ થઈ છે, તે કેટલી બધી સરસ, સનાતન, સર્વાંગસુંદર છે ! એમાં કવિતાના નવ રસ કરતાંયે વધારે રસ છે. જેમજેમ જોતાં શીખું છું તેમતેમ, તારી કૃતિની કઠોરતા કે કરાલતાનો પણ મને પરિચય થાય છે.

મારે એ જ કહેવાનું છે કે તારી આ વિરાટ વિશ્વકવિતાને વધારે કમનીય કે કલ્યાણકારક કરી શકું તે માટે મને તારી મહાન કવિતા કરી દે : મારા રોમરોમમાં પૃથ્વીનો પ્રેમ, સૃષ્ટિની શાંતિ, જગતના જીવનની જડીબુટ્ટી ભરી દે : મારી અંદર તું પોતે જ પ્રકટ થઈને સંસારમાં સનાતન સુખાકારી ને શાંતિસ્થાપનાના તારા કલ્યાણકારક કામને પૂરું કરી લે ! તારી વિરાટ વિશ્વકવિતાની ખૂટતી કડીરૂપે તું મારો - મારા જરી જેટલા જીવનનો ભલે ઉપયોગ કરી લે !

(૧૦-૬-૧૯૬૦, શુક્રવાર)



* * *

## ૧૦૧. ખરતા તારાને જોઈને

કોટિ ટમકતા તારલિયામાંથી એકાએક એક તારલિયો ખરી પડ્યો. એમ કહો કે પોતાના સર્વસ્વની કુરબાની કરતો ધરતી પર ઢળી પડ્યો. વસંતની રસીલી રાતે પોતાના મિત્રોને મૂકીને એક તારલિયો, કોણ જાણે ક્યાં પણ, ખરી પડ્યો.

આ અજબ જેવા જગતમાંથી કોને નથી ખરવાનું ? તારાની પેઠે ઘડી બે ઘડી ટમકીને, ઈચ્છા હોય કે ના હોય તોપણ, આખરે કોને નથી ખરવાનું ?

મારે પણ એક દિવસ વિદાય લેવાનો વખત આવી પહોંચશે. એક ઓરડાને ખાલી કરીને બીજામાં, ભલે કામચલાઉ વખત માટે પણ, જવું પડશે. હરકત નહિ. તેની મને ચિંતા નથી. ઈચ્છા ફક્ત એટલી જ છે કે ત્યાં સુધી જીવનને બને તેટલું ઉત્તમ, સર્વાંગસંપૂર્ણ રીતે જીવી જઉં; તારી ઈચ્છા, આકાંક્ષા, કલ્પના પ્રમાણે જીવી લઉં; ને સંસારના શ્રીમુખે સાંભળી લઉં કે વરસો થયાં, યુગોના યુગ ગયા, પણ આવું જીવન કોઈ બીજું થયું નથી, જોયું નથી, આવું અનેરું જીવન કોઈનું થયું નથી !

ટમકીને ખરવાનું, તારે ખોળે ઢળવાનું, ભલે હોય; એ પહેલાં આટલું કરી લઉં:

તારા સમસ્ત સર્જનનું સુંદર, સરસ, સુગંધીદાર, સુમન બની લઉં !

(૧૧-૬-૧૯૬૦, શનિવાર)

* * *

## ૧૦૨. બે વાતો

ગમે તેવા દુઃખ, દર્દ, પ્રતિકૂળ વાતાવરણની વચ્ચે પણ સુખ, શાંતિ, સાનુકૂળતાના જ આલાપોને વહેતા મૂકીશ.

ગમે તેવી નિરાશા કે કટોકટીના કાળમાં પણ આશાનાં અમર ગીતને ગાવાનું ચાલુ રાખીશ, સ્મિતને ના ત્યાગીશ.

ચારેકોર ઘોર અંધકાર ફરી વળ્યો હોય, માર્ગ ના મળતો હોય, કોઈનોય સહારો ના જડતો હોય, તોપણ હિંમત હાર્યા વિના, ધીરજ ટાળ્યા વિના, પ્રકાશના પાવન પંથે પ્રવાસ કરવાનું ચાલુ રાખીશ.

કેમકે જીવનમાં હું બે વાતોને શીખી શક્યો છું : દુઃખ, અશાંતિ અને બંધન નહિ પણ સુખ, શાંતિ ને મુક્તિ જ સનાતન છે. આખરે એનો જ, વિજય થવાનો છે; અસત્ય અને અશુભ તો વચગાળાની વિકૃતિ માત્ર છે, સનાતન નથી.



(૧૨-૬-૧૯૬૦, રવિવાર)

* * *

## ૧૦૩. આશીર્વાદરૂપ થઉં

મધરાતના શાંત સમયે પૂર્વાકાશમાં ચંદ્રનો ઉદય થયો, ને વૃક્ષો હાલી ઊઠ્યાં. વનસ્પતિ, વલ્લરી, પુષ્પોમાં નવો પ્રાણ ફરી વળ્યો.

નદી પણ એકાએક થયેલા અમીવર્ષણથી આનંદમાં આવી ગઈ.

ઔષધિ અમૃતમય બની.

પાસેના ઉપવનમાં રસ રેલતી રાતરાણી વધારે રસીલી બની રહી; કમલિનીનું કોમળ કાળજુ કેટલાય કોડથી કંપી ઊઠ્યું. એ પૂરબહારમાં ખીલી રહી.

પવન પ્રમાદ મૂકીને પ્રસરવા માંડ્યો.

પ્રેમીઓ સૌન્દર્યનું સુખ માણવા પોતપોતાના આવાસમાંથી બહાર નીકળ્યાં. કવિ કવિતા કરવા માંડ્યા, લેખક લેખન, યોગી આત્માનુસંધાનને માટે એ અવસરને ઉત્તમ માનીને ધ્યાનપરાયણ બની ગયા. અરે, શ્વાન પણ આનંદ પામતા હોય તેમ, આકાશ સામે જોઈને આલાપવા લાગ્યા.

બધું આનંદ ને આનંદથી આપ્લાવિત બની ગયું; બધે સુખ ને શાંતિનું સામ્રાજ્ય છવાઈ ગયું; ત્યારે મને પણ થયું, ને મેં પણ મારા અંતરમાંથી કહ્યું, કે જ્યાં જઉં કે રહું ત્યાં આ રીતે ને એથી પણ વધારે શાંતિદાયક, સુખકારક, આશીર્વાદરૂપ થઉં; બીજા ભલે ના જાણે કે ના માને તોપણ, હું તો એમને માટે આશીર્વાદરૂપ જ થઉં !

(૧૩-૬-૧૯૬૦, સોમવાર)

* * *

## ૧૦૪. કદીપણ ના વિસરે

જીવનમાં પ્રતિકૂળતાની અનુકૂળતા થાય, પાનખરની વસંત, ગ્રીષ્મની વર્ષા; શત્રુ હોય તે સુહૃદ બની જાય, એવો વખત પણ આવે જ્યારે બધે બહુમાન થાય, પૂજન થાય, પ્રખ્યાતિની ફોરમ ફેલાઈ જાય; જીવનમાં જે જે ઈચ્છવામાં, ચાહવામાં કે ઝંખવામાં આવે, તેની સત્વર સિદ્ધિ થાય.

એવે વખતે મોટા ભાગના માનવોનાં મગજ ભલે ભમી જાય, તેમની વૃત્તિ ભલે વિપરીત તથા વિકૃત થાય; મારું મન તો એવે વખતે પણ સ્થિરતાનો ત્યાગ ના કરે, અહંકારી ના બને, કુપંથે પ્રયાણ ના કરે:

એ બધું તમારા પ્રતાપને લીધે જ છે એ વાતને એ કદીપણ ના વિસરે !

(૧૪-૬-૧૯૬૦, મંગળવાર)

* * *

## ૧૦૫. કૃતાર્થતાનો અનુભવ

તમારા વિશાળ વિશ્વમંદિરની એક ઓરડીમાં, એકાદ નાનાસરખા ખૂણામાં બેસીને, તમારા ગૌરવગીતને ગાયા કરું છું. એ રીતે તમને નેહમાં ન્હવડાવવાની સાથેસાથે તમારા નેહમાં નાહ્યા કરું છું.

આજ કામ તમે મને સોંપ્યું છે, તેને હું સંપૂર્ણ વિશ્વાસ ને વફાદારીથી કરી રહ્યો છું.

આ જ મારી સેવા, પૂજા, આરતી, પ્રસાદની સામગ્રી છે, ને મારી રહીસહી સાધના પણ આમાં જ સમાઈ જાય છે.

મારી પાસે જે કાંઈ છે તે ગીતોના રૂપમાં તમને અર્પણ કરીને હું પ્રસન્ન થઉં છું, કૃતાર્થતાનો અનુભવ કરું છું.

ગીત મારું દિલ છે, પણ પૂરું દિલ નથી, એ યાદ રાખજો.

* * *

## ૧૦૬. કોનું રાજ ચાલી રહ્યું છે.

તમે મને પૂછો છો, હાલ કોનું રાજ ચાલે છે, તો શું તમને તેની ખબર નથી ? બ્રિટીશ શાસન તો સમાપ્ત થયું, કોંગ્રસનું ચાલે છે, ને વળી બીજા પક્ષો ભવિષ્યમાં સત્તાને સર કરવા પ્રયાસ કરી રહ્યા છે.

ભારતની અવસ્થા આવી છે, જ્યારે બહારના બીજા દેશોમાં જુદીજુદી જાતનાં શાસનો ચાલી રહ્યાં છે.

પરંતુ મારા પ્રાણ પર, મારા હૃદયમાં, રોમેરોમમાં એક તમારું જ રાજ ચાલી રહ્યું છે. તમારા વિના બીજા કોઈનીયે આણ ત્યાં નથી વરતાતી. તમે જ ત્યાં વિરાજો છો, વિહરો છો, રમો છો.

તમે જાણો છો, સારીપેઠે જાણો છો, હાલ કોનું રાજ ચાલી રહ્યું છે; તોપણ મને પૂછો છો ?

* * *

## ૧૦૭. સહજ પ્રાર્થના

ઊંચાઊંચા પર્વત પર જ્યાં જોઈએ ત્યાં ધુમ્મસના ગોટેગોટા છવાઈ ગયા છે. આરપાર જોઈ ના શકાય એવું વાતાવરણ છે. સવારનો સમય છે છતાં પણ બધે અંધારપડદો પડી ગયો છે.

કુદરતની કળા તો જુઓ ! થોડીવારમાં તો આવરણ અળગું થઈ જાય છે, ને સૂરજનાં સોનેરી કિરણ બધે ફરી વળે છે. અંધકારને ઠેકાણે પ્રકાશનો પડદો પડે છે.

આ બધું જોઈને મને થાય છે કે તમારે માટે કાંઈપણ અશક્ય નથી, મારા પ્રભુ ! આંખ અને અંતરની આગળનાં અંધારાં આવરણોને અળગાં કરો, પ્રાણમાં પ્રકાશ ભરો ! અવનીમાં પણ જ્યાં જ્યાં અંધકાર છે ત્યાં પ્રકાશ કરો, સંજીવન ધરો. તમારે માટે કાંઈ જ મુશ્કેલ નથી, મારા પ્રભુ ! માટે જ મારાથી આવી સહજ પ્રાર્થના થઈ જાય છે.

(૨૭-૬-૧૯૬૦, સોમવાર, મસુરી)



* * *

## ૧૦૮. બાળકની બુદ્ધિ

પર્વત પર બેઠેલા પ્રવાસી દૂરનો દેખાવ જોવામાં મશગૂલ હતા. કોઈ દૂર ખીણમાં દેખાતી વનરાજિનાં વખાણ કરતા, કોઈ મેદાનમાં વિસ્તરેલી કે વહી જતી નદીનું વર્ણન કરતાં ના થાકતા. કેટલાંય ગામ ને શહેર એ પર્વત પરથી દેખાતાં. તેમની સુંદરતાથી સૌ મુગ્ધ થતા.

કોઈ શિખર પર છવાયેલા ધુમ્મસને જોતા, કોઈ સૂર્યાસ્તનો લહાવો લેતા આનંદ પામતા.

કોઈ ઉમંગે ઊભરાઈને ગીત ગાતા, કોઈ નર્તન કરતા ‘કેટલું બધું સુંદર, કેટલું આકર્ષક, કેટલું આહ્લાદક’ એમ બોલી ઊઠતા.

એમની જ બાજુમાં એક બાળક બેઠો હતો. એની આંખ જરા ભીની હતી. મેં એને એનું કારણ પૂછ્યું તો એણે કહેવા માંડ્યું :

‘દૂરથી એ સૃષ્ટિ એટલી બધી આકર્ષક, આહ્લાદક દેખાય છે પણ એની અંદર જે અશાંતિ, અનીતિ, ભેદભાવ, ઘર્ષણ, શોષણ છે એનો વિચાર કરવાથી મારો ઉત્સાહ ઓસરી જાય છે. બહારથી જેટલું આકર્ષક, આહ્લાદક દેખાય છે એટલું જ આ બધું અંદરથી પણ થઈ જાય તો કેટલું સારું !’

બાળકની બુદ્ધિ માટે મને ખરેખર માન ઉત્પન્ન થયું.

(૨૮-૬-૧૯૬૦, મંગળવાર)

* * *

## ૧૦૯. ઈશ્વરનું દર્શન થયું

એ દિવસે પેલા વૃદ્ધ, ઠંડીથી થથરતા ભિખારીને એણે કઠોર વચન કહ્યાં, એના બદલામાં એણે 'માફ કરજો' કહીને મારી સામે જોયું ત્યારે, એની આંખમાં વ્યાપેલા, એની વાણીમાં વહી રહેલા ઈશ્વરનું મેં દર્શન કર્યું; દેવોના દેવ ઈશ્વરનું દર્શન કર્યું.

અત્યંત ઉત્સાહે ઉભરાઈને પેલો બાળક મને ભેટી પડ્યો, કાલીઘેલી ભાષામાં કાંઈક કહેવા માંડ્યો, ત્યારે, એના સુધામય, સરળ, સુંવાળા સ્પર્શમાં ને સંગીતમય સ્વરમાં મેં એનું દર્શન કર્યું; દેવોના દેવ ઈશ્વરનું દર્શન કર્યું.

ફૂલ, ફુવારા, પંખીની સુરાવલિથી સભર ઉપવનમાં મને એનું સિંહાસન મળ્યું. સંગ્રહસ્થાનની મુલાકાત લીધી ત્યારે, પેલું બંદી બનેલું હરણ મારી પાસે આવીને દયાની ભિક્ષા માગતું ઊભું રહ્યું ત્યારે, એની કરુણાથી અંજાયેલી આંખમાં મને એનું સ્નાનાગાર જડ્યું.

કતલખાને લઈ જવાતા પશુઓએ મારી તરફ જોયું ત્યારે એમની નિર્દોષ નજરમાં મને એ જ સૃષ્ટિસ્વામીનું દર્શન થયું.

ખરે બપોરે પેલા પ્રસ્વેદમાં નાહતા ખેડૂતની મુખાકૃતિમાં, પેલાં માયાળુ ગરીબોની મઢૂલીમાં, મને એનું જ વિશ્રામસ્થાન મળ્યું.

આ અનેરી અવનીમાં નજર નાખી ત્યાં બધે જ, ડગલે ને પગલે, એ જ દયાનિધિનું દર્શન થયું; દેવોના દેવ ઈશ્વરનું દર્શન થયું.

(૨૯-૬-૧૯૬૦, બુધવાર)

* * *

## ૧૧૦. પ્રેમનો પ્રતાપ

સૂરજનાં કલાત્મક કિરણથી કમળો કિલ્લોલ કરતાં ખીલી ઊઠે છે. પણ એ જ કમળો જ્યારે સૂરજ વિદાય થાય છે ત્યારે મ્લાન બનીને બિડાઈ જાય છે. એ વિના બીજું કરે પણ શું ? પ્રેમનો પ્રભાવ જ એવો ભારે છે.

રાતરાણીની પણ એવી જ દશા છે ને ? ચંદ્રનો ચારુ ચેતનમય સ્પર્શ થતાં એ અત્યંત આનંદમાં આવી જાય છે; એના અંગેઅંગમાંથી અનુરાગના અમીમય આલાપનો આવિર્ભાવ થાય છે. ચંદ્રની વિદાય સાથે એનું જીવન જડ કે નીરસ બની જાય છે.

કુદરતમાં પણ અનુરાગની આવી અખંડ આરાધના થઈ રહી છે; તો હું તો માનવ ! તમારે લીધે જ, તમારા પ્રેમના પ્રતાપથી જ જીવું, કિલ્લોલ કરું, સુવાસિત બનું, એમાં શું આશ્ચર્ય ?

તમારા પ્રેમનો પ્રતાપ મારા જીવનમાં કાયમ રહે એમ ઈચ્છું છું.


)૩-૭-૧૯૬૦, રવિવાર(

* * *

**સમાપ્ત**

* * *

**ABOUT THE AUTHOR**



(૧૫ ઓગષ્ટ ૧૯૨૧ - ૧૮ માર્ચ ૧૯૮૪)

ગુજરાતની સાહિત્યરસિક અને અધ્યાત્મપ્રેમી જનતાને શ્રી યોગેશ્વરજીનો પરિચય આપવાનો ન હોય. મા શારદાના ચારુ ચરણે સો કરતાં પણ વધુ ગ્રંથો અર્પણ કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વીસમી સદીના ગુજરાતમાં થઈ ગયેલા સમર્થ સંત અને સાહિત્યકાર હતા. સંન્યાસ કે રૂઢિગત ચાલી આવતી ભગવા વસ્ત્રોની પ્રણાલિકાને અનુસર્યા વગર તથા કોઈ દેહધારી ગુરૂની સહાયતા વિના કેવળ મા જગદંબા પર અપ્રતિમ શ્રદ્ધા રાખી, અધ્યાત્મ જગતના સર્વોત્તમ શિખરો સર કરનાર યોગેશ્વરજી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ હતા.

ઈ.સ. ૧૯૨૧ ની પંદરમી ઓગષ્ટે અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લેનાર યોગેશ્વરજીએ માત્ર નવ વર્ષની કુમળી વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું. એમને આગળ અભ્યાસ માટે મુંબઈની લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. મોહમયી મુંબઈ નગરીના એમના નિવાસ દરમ્યાન પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોના સુપરિણામ સ્વરૂપે એમને મા જગદંબાના દર્શનની લગની લાગી. એકાંત શોધીને ધ્યાનસ્થ થવામાં કે પ્રકૃતિના ખોળે કલાકો સુધી વિરહાતુર બની 'મા' ના દર્શન માટે પોકારો પાડવામાં એમનો સમય વ્યતીત થવા લાગ્યો. જ્યારે દર્શન અને સંનિધિની ઝંખના અતિ પ્રબળ બની ત્યારે એમણે અભ્યાસનો ત્યાગ કરી ઉચ્ચ સાધના માટે હિમાલય જવાનો નિર્ણય લીધો. એ સમયે એમની વય માત્ર વીસ વરસની હતી.

ઋષિમુનિસેવિત અને પુરાણપ્રસિદ્ધ હિમાલયની પુણ્યભૂમિમાં બે દાયકાથી વધુ નિવાસ કરી એમણે એકાંતિક સાધના દ્વારા પરમાત્માની અનુભૂતિ અને સિદ્ધિપ્રાપ્તિ કરી. હિમાલયવાસ દરમ્યાન એમને મળેલા અનેકવિધ આધ્યાત્મિક અનુભવો, સિદ્ધ અને સમર્થ સંતોના દર્શન-સમાગમ તથા શાસ્ત્રાધ્યયને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન છતાં એમની નમ્રતા, નિરભિમાનતા તથા સાદગી જિજ્ઞાસુઓને પ્રથમ નજરે આકર્ષતી.

સત્ય અને અહીંસાના પૂજારી તથા પ્રાર્થના પર અખૂટ વિશ્વાસ ધરાવનાર મહાત્મા ગાંધીજીને આદર્શ માનનાર શ્રી યોગેશ્વરજીમાં દેશપ્રેમ ઠસોઠસ ભરેલો હતો. આધ્યાત્મિક માર્ગે આગળ વધી દેશ માટે કંઈક કરી

છૂટવાની તેમની મનીષા એમના અનેકવિધ સર્જનોમાં પેખી શકાય છે. આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કરી સંસારમાં જળકમળવત્ રહેનાર આ વિરક્ત બ્રહ્મચારી મહાપુરુષે સાધનાકાળ દરમ્યાન અને એ પછી પોતાના જનનીને હંમેશા સાથે રાખ્યા. સાધુ-સંત-સંન્યાસીઓમાં તેઓ માતૃભક્ત મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતા.

યોગ, ભક્તિ અને જ્ઞાન - ત્રણેય માર્ગે કુશળતાથી કેડી કંડારનાર શ્રી યોગેશ્વરજીની આમજનતા માટેની સૌથી વિશેષ અને શકવર્તી ઉપલબ્ધિ તેમના વરદ હસ્તે થયેલ વિપુલ સાહિત્યસર્જનને ગણી શકાય. શાળાજીવન દરમ્યાન રોજનીશી લખવાની ટેવથી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા ક્રમશઃ વિકાસ પામી સોથીયે વધુ ગ્રંથોના સર્જનનું નિમિત્ત બની. એમના બહુપ્રસિદ્ધ સર્જનોમાં તુલસીદાસના રામચરિતમાનસનો સમશ્લોકી પદ્યાનુવાદ; ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમને અંજલિ આપતા લખાયેલ મહાકાવ્ય 'ગાંધીગૌરવ'; ભગવદ્ ગીતા, ગોપીગીત, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ વિગેરેનો સરળ સમશ્લોકી પદ્યાનુવાદ; અગિયારસો પૃષ્ઠોમાં વિસ્તરેલી એમની સુપ્રસિદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે'; રમણ મહર્ષિના જીવન અને કાર્યો પરનો બેનમુન ગ્રંથ; તથા મહાભારત, રામાયણ, ભાગવત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર જેવા ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા અનેકવિધ ગ્રંથો પરની ટિપ્પણીનો સમાવેશ કરી શકાય. તેમની સિદ્ધ કલમે ગુજરાતી સાહિત્યને ચિંતનાત્મક લેખો, પ્રેરણાદાયી પત્રો, ભાવભરપૂર ભજનો, કમનીય કવિતાઓ, મધુરા બાળગીતો, અદ્ભુત ગદ્યકાવ્યો, સાધકોના પ્રશ્નોનું સમાધાન કરતી આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઓ, સંતપુરુષોના જીવનની પ્રેરણાદાયી વાતો, ઉમદા વાર્તાસંગ્રહો, નવલકથાઓ તથા નવલિકાઓ પણ પ્રદાન કરી છે. એમના સર્જનો વિશે ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે એમણે કેવળ લખવા ખાતર નથી લખ્યું. એમની રચનાઓ કોરો કલ્પનાવિલાસ નથી પરંતુ એમના અસાધારણ જીવનની અભિનવ અભિવ્યક્તિ છે. એમના વૈવિધ્યસભર અને માતબર સાહિત્યપ્રદાનને હજુ ગુજરાતના સાહિત્યકારોએ અને સાહિત્યરસિક પ્રજાએ યથાર્થ અને પૂર્ણપણે પિછાણવાનો બાકી છે.

શુદ્ધ ગુજરાતી ભાષામાં અસ્ખલિત રીતે વહેતી એમની ઓજસ્વી વાણીમાં થતા જ્ઞાન, યોગ અને ભક્તિના રહસ્યોના ઉદઘાટનનું પાન કરવાનું સૌભાગ્ય ગુજરાતના પ્રમુખ શહેરો ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તથા ઝાંબિયાના વિવિધ શહેરના શ્રોતાઓને મળ્યું હતું. શ્રી યોગેશ્વરજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા તથા નાત, જાત કે સંપ્રદાયના વાડાઓથી પર હતા. એથી જ એમને રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સત્ય સાંઈ સેન્ટર, ડીવાઈન લાઈફ સેન્ટર વિગેરેમાં તથા જૈન, શીખ કે ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાનો કે સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એકસમાન આદરથી આમંત્રિત કરવામાં આવતા હતા. ગુજરાત અને ગુજરાત બહારની કોલેજો, સ્કુલો તથા યુનિવર્સીટીમાં એમણે પોતાના અનુભવાત્મક જ્ઞાનનો પ્રસાદ વહેંચ્યો હતો. આજે વિશ્વભરમાં તેમનો બહોળો પ્રસંશક અનુયાયી વર્ગ છે.

ઈ.સ. ૧૯૮૪ ની ૧૮ માર્ચે તેમણે શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં સ્થુલ દેહનો ત્યાગ કર્યો હતો. તેમના અનેકવિધ માનવતાવાદી સત્કાર્યો અને તેમના ઝળહળતા આધ્યાત્મિક વારસાને મા સર્વેશ્વરી સર્વોત્તમ રીતે દીપાવી રહ્યા છે. ઈન્ટરનેટ પર swargarohan.org વેબસાઈટ તથા સ્થુળ રીતે અંબાજીમાં દાંતા રોડ સ્થિત સ્વર્ગારોહણ ધામ એમના મહિમાવંત જીવન અને કાર્યોની યશગાથાને ગાઈ રહ્યું છે.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

| | |
|---|---|
| **આત્મકથા** | પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity |
| **અનુવાદ** | રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં (In days of great peace) ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં (A search in secret India) ▪ હિમગીરીમાં યોગી (A hermit in the Himalayas) |
| **ગદ્યકાવ્યો** | અક્ષત ▪ અનંત સૂર ▪ ફૂલવાડી ▪ પરિમલ ▪ સ્વાતિબિંદુ ▪ સનાતન સંગીત ▪ Tunes unto the infinite |
| **ગીતો** | હિમાલય અમારો ▪ રશ્મિ ▪ બિંદુ ▪ તર્પણ ▪ દ્યુતિ |
| **ચિંતન** | બ્રહ્મસૂત્ર ▪ ગીતાદર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી (નારદ ભક્તિસૂત્ર) ▪ શ્રીમદ્ ભાગવત ▪ ગોપીપ્રેમ ▪ યોગદર્શન ▪ પતંજલિના યોગસૂત્રો (સંક્ષિપ્ત સૂત્રાર્થ) |
| **ભજનો** | આલાપ ▪ આરતી ▪ અભીપ્સા ▪ પ્રસાદ ▪ અંતરનો અનુરાગ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ ▪ સાંઈ સંગીત |
| **મહાકાવ્યો** | રામાયણ દર્શન ▪ કૃષ્ણ રુકમીણિ ▪ ગાંધી ગૌરવ ▪ |
| **લેખ** | આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Geeta ▪ પ્રભુપ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ યોગમિમાંસા ▪ શ્રીરામ કથામૃત |
| **જીવનચરિત્ર** | ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય ▪ મા સર્વેશ્વરી - એક પરિચય ▪ |
| **પદ્યાનુવાદ** | ચંડીપાઠ (દુર્ગાસપ્તશતીસાર) ▪ રામચરિતમાનસ ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ વૈરાગ્યશતક ▪ વિષ્ણુસહસ્ત્રનામ ▪ ઉપદેશપંચકમ્ ▪ દસ ઉપનિષદ ▪ નારદ ભક્તિસૂત્ર ▪ ચર્પટપંજરિકા સ્તોત્ર ▪ પાતંજલ યોગદર્શન |
| **પ્રવચનો** | અમર જીવન ▪ પાતંજલ યોગદર્શન ▪ કર્મયોગ ▪ આત્મસંયમયોગ ▪ પુરુષોત્તમયોગ |
| **પ્રસંગો** | ધૂપસુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંતસમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ ▪ દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना** |
| **પ્રવાસ** | તીર્થયાત્રા ▪ ઉત્તર ભારતનાં તીર્થો ▪ સમંદરને પેલે પાર |
| **પત્રો** | હિમાલયનાં પત્રો |
| **પ્રશ્નોત્તરી** | અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન |
| **નવલકથા** | આગ ▪ અગ્નિપરીક્ષા ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ સ્મૃતિ ▪ પરિક્ષિત ▪ પ્રીતપુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ |
| **વાર્તાઓ** | રોશની |
| **નાટક** | રામનું હૃદય |

*

**For more information**
**on Life and works**
**of**
## Shri Yogeshwarji



**Please visit**

# www.swargarohan.org

**A Gujarati supersite for spiritual aspirants**